સુવિચાર
શિક્ષણ તો શાળા કોલેજમાંથી મળે છે સાહેબ પણ સંસ્કાર તો પરિવારમાંથી જ આવે છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



તબીબને સસ્તા સોનાની લાલચ આપી ૫ લાખ પડાવી ખોટા દાગીના પધરાવી દેનાર ૪ ઝડપાયા P-4

Year-16, Issue-43 ■ DATE : 28-05-2025 WEDNESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ટૂંક સમયમાં હવે મિલકત નોંધણી ઘરેથી થઈ શકશે

**જમીન ખરીદ-વેચાણનો ૧૧૭ વર્ષ જૂનો કાયદો બદલાશે! કેન્દ્ર સરકાર લાવશે મહત્ત્વપૂર્ણ બિલઃ છેતરપીંડી-દગાબાજી અટકશેઃ દસ્તાવેજો ઓનલાઈન સબમિટ કરવા અને સ્વીકારવાની સુવિધા હશે**



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઓનલાઈનના આ યુગમાં હવે મિલકત નોંધણી ઘરેથી પણ થશે. કેન્દ્ર સરકાર આ માટે કાયદો બનાવી રહી છે. વાસ્તવમાં, સરકારે એક નવું બિલ તૈયાર કર્યું છે, જેમાં મિલકતની ઓનલાઈન નોંધણીની સુવિધા શરૂ કરવાનો પ્રસ્તાવ છે. આ બિલ ૧૧૭ વર્ષ જૂના નોંધણી કાયદાનું સ્થાન લેશે. આ નવા કાયદામાં, વેચાણ કરાર, પાવર ઓફ એટર્ની, વેચાણ પ્રમાણપત્ર અને સમાન ગીરો જેવા દસ્તાવેજોની નોંધણી ફરજિયાત રહેશે. ગ્રામીણ વિકાસ મંત્રાલય હેઠળના જમીન સંસાધન વિભાગે જાહેર ટિપ્પણીઓ માટે આ ડ્રાફ્?ટ બહાર પાડ્યો છે. ઘણા રાજ્યોએ ઓનલાઈન નોંધણીને મંજૂરી આપવા માટે આ કાયદામાં સુધારો કરવાનો નિર્ણય લીધો છે. નોંધણી કાયદો સમગ્ર દેશમાં લાગુ હોવા છતાં રાજ્યો કેન્દ્ર સાથે મળીને તેમાં ફેરફાર કરી શકે છે.

સરકાર આ બિલ દ્વારા ઈલેક્ટ્રોનિક નોંધણી પ્રમાણપત્રો અને રેકોર્ડ ડિજિટલ રીતે રાખવાની સિસ્ટમ શરૂ કરવા માંગે છે. દસ્તાવેજો ઓનલાઈન સબમિટ કરવા અને સ્વીકારવાની સુવિધા પણ હશે. આ ઉપરાંત, છેતરપિંડી અટકાવવા માટે આધાર આધારિત ચકાસણી સિસ્ટમનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે, જેમાં વ્યક્તિની સંમતિ જરૂરી રહેશે. જે લોકો પોતાની આધાર માહિતી શેર કરવા માંગતા નથી તેમના માટે અન્ય ચકાસણી વિકલ્પો પણ ઉપલબ્ધ થશે. સરકારે એવું પણ સૂચન કર્યું છે કે નોંધણી પ્રક્રિયાને વધુ સારી બનાવવા માટે, તેને અન્ય રેકોર્ડ-કીપિંગ એજન્સીઓ સાથે જોડવી જોઈએ, જેથી માહિતીનું આદાન-પ્રદાન સરળતાથી થઈ શકે.

ભૂમિ સંસાધન વિભાગ કહે છે કે તાજેતરના વર્ષોમાં ટેકનોલોજીના વધતા ઉપયોગ, સામાજિક-આર્થિક ફેરફારો અને નોંધાયેલા દસ્તાવેજો પર વધતી નિર્ભરતાને કારણે, આધુનિક નોંધણી માળખાની જરૂરિયાત અનુભવાઈ રહી છે. દસ્તાવેજ ચકાસણી, સેવા વિતરણ અને કાનૂની નિર્ણયો જેવા કાનૂની અને વ્યવસાયિક બાબતોમાં નોંધાયેલા દસ્તાવેજોનો ઉપયોગ ખૂબ જ મહત્વપૂર્ણ બની ગયો છે. તેથી, આ બિલ સ્પષ્ટ કરે છે કે કયા સંજોગોમાં નોંધણી અધિકારી દસ્તાવેજ નોંધણી કરવાનો ઈનકાર કરી શકે છે. નોંધણી રદ કરવા માટે નિયમો બનાવવાની પણ જોગવાઈ છે, જે ચોક્કસ ધોરણો પર આધારિત હશે.

આ નવા કાયદા સાથે, મિલકત નોંધણીની પ્રક્રિયાને વધુ પારદર્શક, ઝડપી અને સુરક્ષિત બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ઓનલાઈન નોંધણી અને ડિજિટલ રેકોર્ડ સમય અને પ્રયત્ન બચાવશે. આધાર ચકાસણી અને અન્ય વિકલ્પો છેતરપિંડીની શકયતા ઘટાડશે. ઉપરાંત, અન્ય એજન્સીઓ સાથે માહિતી શેર કરવાથી પ્રક્રિયા વધુ કાર્યક્ષમ બનશે. આ બિલ મિલકત સંબંધિત વ્યવહારોને સરળ અને વિશ્વસનીય બનાવવા તરફ એક મોટું પગલું હોઈ શકે છે. સરકારે લોકોને આ ડ્રાફ્?ટ પર પોતાનો અભિપ્રાય આપવા કહ્યું છે, જેથી તેને વધુ સારી બનાવી શકાય.

જમીન સંસાધન વિભાગે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'તાજેતરના વર્ષોમાં ટેકનોલોજીનો વધતો ઉપયોગ, બદલાતા સામાજિક-આર્થિક વ્યવહાર અને નોંધાયેલા દસ્તાવેજો પર વધતી જતી નિર્ભરતાએ આધુનિક અને ભવિષ્યવાદી નોંધણી પ્રણાલીની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.' વિભાગે ડ્રાફ્ટ પર સામાન્ય લોકો પાસેથી પણ ટિપ્પણીઓ માંગી છે.

## આસામમાં નકલી એન્કાઉન્ટરના દાવાની તપાસ સુપ્રીમે માનવ અધિકાર પંચને સોંપી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આસામમાં ફેક પોલીસ એન્કાઉન્ટરના દાવાઓની તપાસ કરવાનો સુપ્રીમ કોર્ટે આસામ માનવ અધિકાર પંચને નિર્દેશ આપ્યો છે. એક જાહેર હિતની અરજીમાં આરોપ મુકવામાં આવ્યો છે કે, આસામ સરકારે વર્ષ ૨૦૧૪માં કેસમાં સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કર્યું હતું. આ બાબતને ગંભીર ગણીને, જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ એન. કોટિશ્વર સિંહની બેન્ચે આસામ માનવ અધિકાર આયોગને પીડિત પરિવારોનો સંપર્ક કરવા માટે જાહેર નોટિસ જારી કરવાનો નિર્દેશ આપ્યો.

અરજદારે ૧૧૭ એન્કાઉન્ટરની યાદી રજૂ કરી હતી, પરંતુ કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે, 'સંપૂર્ણ તપાસ વિના આ મામલાને ખોટા ગણી શકાય નહીં. સાચા કેસને ઓળખવા મહત્ત્વપૂર્ણ છે. પીઆઈએલ પ્રક્રિયાગત સુરક્ષાનું સ્થાન લઈ શકે નહિ. ન્યાય માટે વ્યક્તિગત અભિગમની જરૂર છે.'

આ મામલે કોર્ટે વધુમાં કહ્યું કે, 'આમાંની કેટલીક ઘટનાઓ ફેક એન્કાઉન્ટર હોઈ શકે છે તેવા આરોપો અત્યંત ગંભીર છે અને જો તે સાબિત થાય છે, તો તેને બંધારણની કલમ ૨૧ હેઠળ જીવન જીવવાના અધિકારનું ઉલ્લંઘન માનવામાં આવશે.



જોકે, એ પણ એટલું જ શક્ય છે કે નિષ્પક્ષ અને સ્વતંત્ર તપાસ પછી, કેટલાક કેસ કાયદેસર રીતે ન્યાયી અને જરૂરી હોઈ શકે છે.'

આ સાથે સુપ્રીમ કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું કે, આ દરેક કેસની સ્વતંત્ર રીતે તપાસ થવી જોઈએ. તેમજ જો કોઈ નિર્દોષ વ્યક્તિની હત્યા થઇ હોય તો તેનું જવાબદાર કોણ તે બાબત પણ સુનિશ્ચિત થવી જોઈએ. આ માટે આસામ માનવ અધિકાર પંચને કેસની નિષ્પક્ષ તપાસ કરવાની જવાબદારી સોંપવામાં આવી છે.

સુપ્રીમ કોર્ટે રાજ્ય માનવાધિકાર આયોગને આદેશ આપ્યો કે તેઓ અંગ્રેજી અને સ્થાનિક ભાષાઓમાં અખબારોમાં જાહેર નોટિસ આપે, જેથી અસરગ્રસ્ત પરિવારોનો અવાજ સાંભળી શકાય. તેમજ રાજ્ય સરકારને કોઈપણ વહીવટી અવરોધો દૂર કરવા તેમજ સંપૂર્ણ ફોરેન્સિક સહાય અને જરૂરી સંસાધનો પૂરા પાડવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.

આસામ પોલીસ પર વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૨ વચ્ચે કુલ ૧૭૧ ફેક એન્કાઉન્ટર કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. મે ૨૦૨૧ થી રિટ પિટિશન દાખલ થયા પછી ૮૦ થી વધુ ફેક એન્કાઉન્ટર થયા હોવાનો આરોપ છે, જેના પરિણામે ૨૮ લોકો મૃત્યુ પામ્યા હતા. આસામ સરકાર દ્વારા એક સોગંદનામામાં મે ૨૦૨૧ થી ઓગસ્ટ ૨૦૨૨ સુધીમાં ૧૭૧ ઘટનાઓ નોંધાઈ હતી, જેમાં ૫૬ લોકોના મોત અને ૧૪૫ ઘાયલ થયા હતા.

આ મામલે આસામ સરકારનું કહેવું છે કે, વર્ષ ૨૦૧૪ ની માર્ગદર્શિકા મુજબ આ કાર્યવાહી કરવામાં આવી છે. આસામ સરકારે આ આરોપોને સુરક્ષા દળોની શાંતિ ભંગ કરવાનું કાવતરું ગણાવ્યું છે.

## જૂન મહિનામાં સમગ્ર દેશમાં જોરદાર વરસાદ પડશેઃ હવામાન વિભાગની આગાહી

### સામાન્ય વર્ષો કરતા એક-બે સપ્તાહ વ્હેલુ આવી ગયુ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતમાં જૂન મહિનામાં જ નૈઋત્ય ચોમાસાનો વરસાદ ધમાકેદાર રહેવાની આગાહી હવામાન વિભાગે કરી છે. સાથોસાથ ચાલુ મહિનામાં ગરમીમાં પણ ઘણા અંશે રાહત રહેવાનુ સૂચવ્યુ છે.

ભારતમાં કેરળથી મહારાષ્ટ્ર સુધી ચોમાસાએ પ્રવેશ મેળવી લીધો છે અને સામાન્ય વર્ષો કરતા એક-બે સપ્તાહ વ્હેલુ આવી ગયુ છે ત્યારે હવામાન વિભાગે કહ્યું કે જૂનમાં જ ધમાકેદાર વરસાદ પડશે. જૂનમાં તાપમાન મોરચે પણ રાહત રહેશે. મધ્ય, પુર્વ તથા ઉતર પશ્ચીમી રાજયો-ભાગોમાં હિટવેવના દિવસો સામાન્ય કરતા ઓછા રહેવાની સંભાવના છે.

દેશના જુદા-જુદા ભાગોમાં મહતમ તાપમાન પણ સામાન્ય કરતા



નીચુ રહેવાની સંભાવના છે. માત્ર ઉતર પશ્ચીમ તથા પુર્વોતરના અમુક રાજયોમાં તાપમાન સામાન્ય કરતા વધુ રહી શકે છે. જો કે, મધ્ય ભારત તથા તેને લાગુ દક્ષિણી ક્ષેત્રોમાં ન્યુનતમ તાપમાન સામાન્ય કરતા વધુ રહી શકે છે.

ભારતમાં ચોમાસાનો વરસાદ સરેરાશના ૯૬થી૧૦૪ ટકા પડે તો નોર્મલ ચોમાસુ નોર્મલ ગણાય છે. પરંતુ હવામાન વિભાગે આ વર્ષે ૧૦૬ ટકાથી વધુ અર્થાત નોર્મલ કરતા પણ વધુ વરસાદ થવાની શકયતા દર્શાવી છે.

કેન્દ્ર સરકારના ભૂવિજ્ઞાન વિભાગના સચીવ એમ.રવિચંદ્રને પણ કહ્યું કે ૮૭ સેમીના સરેરાશ વરસાદ કરતા આ વર્ષે ૧૦૬ ટકા પાણી વરસવાની સંભાવના દર્શાવી છે. મધ્યપ્રદેશ, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, ઓડિશા તથા તેની આસપાસના ભાગો કોરઝોન બની રહેશે જયાં વધુ ધમાકેદાર વરસાદ થવાનુ અનુમાન છે.

હવામાન વિભાગના વડા મૃત્યુંજય મહાપાત્રાએ કહ્યું કે મધ્ય તથા દક્ષિણના ભાગોમાં પણ નોર્મલથી વધુ વરસાદ થવાની સંભાવના છે. ઉતર પશ્ચીમી ભાગોમાં પણ વધુ વરસાદ થશે. માત્ર પુર્વોતર ક્ષેત્રોમાં નોર્મલથી ઓછા વરસાદનુ અનુમાન છે.

ભારતીય ચોમાસુ કૃષિ આધારિત અર્થતંત્ર માટે ઘણુ મહત્વનુ બનતુ હોય છે. ૪૨.૩ ટકા વસતી કૃષિ આવક પર નિર્ભર છે. ભારતીય અર્થતંત્રમાં કૃષિક્ષેત્રનુ યોગદાન ૧૮.૨ ટકા છે. દેશના બાવન ટકા કૃષિ ભાગો વરસાદી પાણી પર નિર્ભર હોય છે. ઉપરાંત પીવાના પાણી-ઉર્જા ઉત્પાદનમાં પણ મહત્વનો ભાગ ભજવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે હવામાન વિભાગે અગાઉ જ ભારતીય ચોમાસુ નોર્મલ કરતા પણ સારૂ રહેવાની આગાહી કરી હતી. નવી આગાહીમાં તેનો પુર્નોચ્ચાર કર્યો છે.

## વિદેશી વિદ્યાર્થીઓ પર ટ્રમ્પ શાસનની આકરી કાર્યવાહીઃ વિઝા રદ કરવાની ચેતવણી



**હાલ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને કલાસમાં હાજરી આપવી ફરજીયાત**

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

અમેરિકામાં હાર્વર્ડ સહિતની શૈક્ષણિક સંસ્થાઓ તથા તેમાં અભ્યાસ કરતા વિદેશી વિદ્યાર્થીઓ પર ટ્રમ્પ શાસનની વધતી જતી આકરી કાર્યવાહીમાં હવે અમેરિકી તંત્રએ હવે તમામ વિદેશી વિદ્યાર્થીઓના સોશ્યલ મીડીયા એકાઉન્ટની ચકાસણી માટેની કાર્યવાહીમાં હવે હાલ તમામ વિદ્યાર્થી વિસા ઈન્ટરવ્યુ સ્થગીત કરી દીધા છે.

અમેરિકાના વિદેશમંત્રી માર્કો રૂબીયાની સહીથી બહાર પાડવામાં આવેલા એક આદેશમાં જણાવાયુ છે કે ભૂતકાળમાં પણ આ રીતે જે તે વિદ્યાર્થી વિસાના અરજદારોના સોશ્યલ મીડીયા એકાઉન્ટ ચકાસાયા છે પણ હાલ એ પ્રક્રિયા વધુ વિસ્તૃત બનાવવામાં આવી છે અને તેની ડીએમ-૧૬૦ હેઠળની અરજીઓના સોશ્યલ મીડીયા તથા તેના સાથે જોડાયેલા પ્લેટફોર્મની વધુ સારી રીતે ચકાસણી થશે અને સોશ્યલ મીડીયા સ્ક્રીનીંગ અને તપાસ થશે.

જયાં સુધી નવી સૂચના મળે નહી ત્યાં સુધી હવે કોઈ નવી સ્ટુડન્ટ કે એકસચેંજ વિઝીટર વિસા જે કેટેગરી એફ-એમ અને જે હેઠળ આવે છે તેમાં નવી અરજીઓ ઉમેરાશે નહી. અમેરિકામાં અભ્યાસ માટે વિસાની અરજી કરનારના ઈન્ટરવ્યુ મે માસના મધ્યમાં શરૂ થાય છે.

જે સમગ્ર પ્રક્રિયા હવે વિલંબમાં મુકાશે. અગાઉ અમેરિકામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જે યુનિ. કેમ્પસમાં પેલેસ્ટાઈન ગાઝા સહિતના સમર્થનમાં યોજાયેલા દેખાવોમાં જોડાયા હતા અને તેઓએ સોશ્યલ મીડીયા પણ આ પ્રકારની પોષ્ટ મુકી હતી. તેઓને અમેરિકામાંથી ડિપોર્ટ પણ કરવામાં આવ્યા હતા. અગાઉ અમેરિકાના હોમલોન વિભાગો પણ દેશમાં વસતા વિદ્યાર્થીઓના સામાન્ય કાનૂન ભંગને પણ નેગેટીવ કેટેગરીમાં મુકવાનું શરૂ કર્યું હતું.

આ ઉપરાંત હવે વિદેશી વિદ્યાર્થીઓ જે અમેરિકામાં અભ્યાસ કરે છે તેઓ કલાસરૂમમાં હાજરી આપે નહી કે પરિક્ષામાં ડ્રોપઆઉટ લે તેનો વિસા પણ ડીપોર્ટ કરવાનું શરૂ કર્યુ છે. જો કોઈ વિદ્યાર્થી શાળા-કોલેજને જાણ કર્યા વગર તેનો ફેલોશીપ પ્રોગ્રામ પણ જો અધવચ્ચેથી ગેરહાજર રહે તો તેમના વિસા પણ રદ કરવાની ચીમકી ઉચ્ચારી છે.

અમેરિકામાં ૨૦૨૪માં ૩.૩૧ લાખ ભારતીય વિદ્યાર્થીઓએ અભ્યાસ વિસા મેળવ્યા હતા જે પ્રથમ વખત ચીનથી પણ વધુ હતા. અમેરિકાનો તમામ વિદેશી વિદ્યાર્થીઓને તેના વિસાની જે શરતો છે તેનું ચુસ્ત રીતે પાલન કરવા પણ તાકીદ કરી છે. હાલ પણ વિદ્યાર્થીઓને સ્ટુડન્ટ વિસાની તારીખો મળતી ન હતી તેનું કારણ હવે બહાર આવી ગયુ છે.

## દિલ્હી હાઈકોર્ટના ન્યાયમૂર્તિ યશવંત વર્માની મુશ્કેલી વધે તેવા સંકેત

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દિલ્હી હાઈકોર્ટના ન્યાયમૂર્તિ યશવંત વર્માની મુશ્કેલી વધે તેવા સંકેત છે. સુપ્રીમકોર્ટના ત્રણ જજોની તપાસ કમીટીએ જજ વર્મા સામેનાની તપાસમાં તેમના નિવાસે જે રીતે આગમાં જંગી રકમની રોકડ રકમ સળગી ગયેલી હાલતમાં જોવા મળી હતી તેમાં પુરાવા સહિતનું તથા હોવાનો રિપોર્ટ આવ્યા બાદ હવે જજ વર્મા સામે વધુ કાર્યવાહી માટે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને રિપોર્ટ કર્યો છે.

જો કે જજ વર્માએ પોતે કઈ ખોટુ કર્યુ નથી તેવો પોતાનો બચાવ ચાલુ રાખીને રાજીનામુ આપવાનો ઈન્કાર કરતા હવે તેઓ સામે ઈમ્પીચમેન્ટની કાર્યવાહીના સંકેત છે અને તેના પગલે જજ વર્માની નોકરી જશે. તેમના



નિવાસે જે રીતે મોટી માત્રામાં સળગી ગયેલી ચલણી નોટો જોવા મળી હતી.

તેના પર તેઓ કોઈ ખુલાસો આપી શકયા ન હતા અને દાવો કર્યો કે જે રૂમમાં આગ લાગી તેનો ઉપયોગ તેમાં કરતા જ નથી. હવે જજ વર્માને તેની મૂળ- અલ્લાહાબાદ હાઈકોર્ટમાં પરત મોકલી તેઓને ન્યાયીક કાર્યવાહીની માંગ રખાય છે.

તેઓએ દિલ્હી હાઈકોર્ટમાં કાર્યકાળ સમયે જે જે કેસમાં ચૂકાદા આપ્યા હતા તે પણ ચકાસણી થઈ રહ્યા છે. હવે સંસદના આગામી સત્રમાં જજ વર્મા સામે કાર્યવાહી થશે તેવા સંકેત છે.

## રશિયાએ ત્રીજા વિશ્વ યુધ્ધની ધમકી આપતા વિશ્વની ચિંતા વધી

**મુખ્ય સમાચાર, મોસ્કો**

રશિયા-યુક્રેન વચ્ચે યુધ્ધ વિરામ ટ્રમ્પ ઈચ્છે છે પણ તેના માટે પુતિન તૈયાર ન થતા ટ્રમ્પ ગુસ્સે ભરાયા છે જેથી રશિયાએ ત્રીજા વિશ્વ યુધ્ધની ધમકી આપતા વિશ્વની ચિંતા વધી છે.

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ગુસ્સે થઇ ગયા છે. જેનું કારણ રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન છે. ટ્રમ્પ કોઈપણ કિંમતે રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધવિરામ ઇચ્છે છે. પરંતુ પુતિન તેના માટે તૈયાર નથી. આવી સ્થિતિમાં ટ્રમ્પે પુતિનને સ્પષ્ટપણે કહ્યું હતું કે અમારી વાત ન સાંભળીને, તે આગ સાથે રમી રહ્યા છે, પરંતુ હવે રશિયાએ ટ્રમ્પની ધમકીનો જવાબ આપ્યો છે.

દિમિત્રી મેદવેદેવે કહ્યું કે ટ્રમ્પે



પુતિન વિશે કહ્યું છે કે તે આગ સાથે રમી રહ્યા છે અને ટ્રમ્પ હવે રશિયા સાથે કંઈક ખરાબ કરી શકે છે. પણ હું ફક્ત એક જ કમનસીબ વાત જાણું છું અને તે છે ત્રીજું વિશ્વ યુદ્ધ. આશા છે કે ટ્રમ્પ આ વાત સમજશે.

અમેરિકા અને રશિયાના આ નિવેદનોથી ખાતરી થાય છે કે બંને દેશો વચ્ચે બધું સામાન્ય નથી. અગાઉ, ટ્રમ્પે પુતિન પર પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે વ્લાદિમીર પુતિને સમજવું જોઈએ કે જો હું ન હોત, તો રશિયા સાથે અત્યાર સુધીમાં ખૂબ જ ખરાબ થઈ ગયું હોત અને મારો મતલબ ખરેખર ખૂબ જ ખરાબ જ છે. તે આગ સાથે રમી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે ટ્રમ્પે પહેલા પણ પુતિનને પાગલ કહ્યા હતા.

ડોનાલ્ડ ટ્રમ્પે પત્રકારો સાથે વાત કરતા કહ્યું કે, હું પુતિનને ઘણા લાંબા સમયથી ઓળખું છું, અમારા સંબંધો સારા રહ્યા છે. પરંતુ હવે તે રોકેટ ફાયર કરી રહ્યા છે, શહેરો પર હુમલો કરી રહ્યા છે, લોકોને મારી રહ્યા છે.

મને આ બિલકુલ ગમતું નથી. મને સમજાતું નથી કે માણસને શું થયું છે. અમે વાત કરી રહ્યા છીએ અને તે કિવ અને અન્ય શહેરો પર મિસાઈલોનો વરસાદ કરી રહ્યા છે. કંઈક તો ખોટું છે. મને આ બધું બિલકુલ ગમતું નથી.

## અમદાવાદના ચંડોળા વિસ્તારમાં ફરી ડિમોલિશનની કાર્યવાહી

### મંદિર-મસ્જિદ સહિત ૪ ધર્મસ્થાન તોડી પડાયા

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદના ચંડોળા વિસ્તારમાં ગેરકાયદે દબાણોને લઈને બુધવારે (૨૮ મે) બીજા તબક્કાનો બીજો રાઉન્ડ શરૂ કરવામાં આવ્યો છે. જેમાં વહેલી સવારથી જ જેસીબી અને હિટાચી મશીનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. મળતી માહિતી મુજબ, આ બીજા રાઉન્ડમાં ગરીબ નવાઝ મસ્જિદ, હનુમાનજી મંદિર અને દશામાના મંદિર સહિતના ૪ ગેરકાયદે ધાર્મિક બાંધકામો તોડી પાડવામાં આવ્યા છે.

ક્રાઈમ બ્રાન્ચ અને પોલીસના અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં સરકારી અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા છે. ધાર્મિક બાંધકામો દૂર કરવાના હોવાના કારણે કોઈ તંગદિલી ન સર્જાય તે માટે પોલીસનો મોટો કાફલો ગોઠવી દેવાયો છે.



મંદિર અને મસ્જિદની અંદરના સામાનને બહાર કાઢવામાં આવ્યો અને બાદમાં તેને તોડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી. મળતી માહિતી મુજબ, આજે જ આ કાર્યવાહી સંપૂર્ણ કરી કાટમાળ દૂર કરી દેવાશે અને આજુબાજુમાં દીવાલ પણ બનાવી દેવાશે, જેથી અન્ય કોઈ અહીં ગેરકાયદે બાંધકામ ન કરે.

મળતી માહિતી મુજબ, અહીંના સ્થાનિક લોકો દ્વારા હજુ સુધી ધાર્મિક દબાણોને લઈને કોઈ વિરોધ કરાયો નથી. પરંતુ, આ વખતે સ્થાનિક સંમતિ સાથે આ ધાર્મિક દબાણ દૂર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ પહેલાં ધાર્મિક બાંધકામ તોડવાના કારણે લોકોમાં નારાજગી જોવા મળી હતી. જોકે, પોલીસ અને તંત્રની સમજાવટ બાદ હવે લોકો સંમત થઈ ગયા છે.

નોંધનીય છે કે, ચંડોળા તળાવ ડિમોલિશનના બીજા તબક્કાના પહેલાં રાઉન્ડમાં ૨૦ મેના દિવસે પણ પણ ધાર્મિક દબાણો દૂર કરવામાં આવ્યા હતા. આ વિસ્તારમાં નાની-મોટી કુલ ૯ મસ્જિદો આવેલી હતી, જેને તોડી પાડવામાં આવી હતી. ચંડોળા ડિમોલિશનના બીજા તબક્કામાં આશરે ૨.૫ લાખ ચોરસ મીટર ગેરકાયદે બાંધકામ હટાવવામાં આવ્યું હતું. જેના માટેની કામગીરીને સરળ બનાવવા માટે ૨૫ સ્ટેટ રિઝર્વ પોલીસ () ટીમો સહિત ૩,૦૦૦ થી વધુ પોલીસ કર્મચારીઓને તૈનાત કરવામાં આવી હતી, જે સુરક્ષા જાળવવાની સાથે ડિમોલિશનના કામમાં કોઈ નડતરૂપ ન બને તે સુનિશ્ચિત કરતા હતાં.

# જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરે કોવિડ અંગેની સમીક્ષા બેઠક યોજી: જિલ્લાની આરોગ્ય સુવિધાઓ વિશે જાણકારી મેળવી






**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરે કલેક્ટર કચેરીના સભાખંડમાં જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ સાથે કોવિડ-૧૯ની વર્તમાન સ્થિતિ અને તેની સામેની તૈયારીઓ અંગે વિસ્તૃત સમીક્ષા બેઠક યોજી હતી.આ બેઠકમાં, કલેક્ટર ઠક્કરે ઉપસ્થિત આરોગ્ય અધિકારીઓ પાસેથી જિલ્લામાં કોવિડની પ્રવર્તમાન સ્થિતિ, સંક્રમણ દર, અને હોસ્પિટલોમાં ઉપલબ્ધ સુવિધાઓ અંગે વિગતવાર જાણકારી મેળવી હતી. તેમણે RTPCR કીટની ઉપલબ્ધતા, કોવિડ પોઝીટીવ દર્દીઓની હિસ્ટ્રી ટ્રેસિંગ, અને જિલ્લામાં કાર્યરત ઓક્સિજન પ્લાન્ટ્સની કાર્યક્ષમતા જેવી મહત્વપૂર્ણ બાબતો પર પણ ઝીણવટભરી ચર્ચા કરી માહિતી મેળવી હતી.સાથે જ જો કોવિડ અંગેના લક્ષણો જણાય તો તાત્કાલિક આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવા અથવા આઈસોલેટ થવા અનુરોધ કર્યો હતો.આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, અધિક કલેક્ટર બી.એન.ખેર, સર્વે પ્રાંત અધિકારીઓ, એમ.પી.શાહ મેડિકલ કોલેજના એડિશનલ ડીન એસ.એસ.ચેટરજી, સર્વે જિલ્લા કક્ષાના આરોગ્ય અધિકારીઓ, મામલતદારઓ, તાલુકા આરોગ્ય અધિકારીઓ, અને તાલુકા વિકાસ અધિકારીઓ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીના વીસીપરા મદીના સોસાયટીમાં ત્રણ પાનાની બાઝી રમતા ચાર ઝબ્બે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરના વીસીપરામાં આવેલ મદીના સોસાયટીમાં જાહેરમાં જુગટુ રમતા હોવાની મળેલ બાતમીને આધારે બી ડિવિઝન પોલીસ ટીમ દ્વારા રેઇડ કરતા, ચાર પત્તાપ્રેમીઓને ૧૨ હજારથી વધુની રોકડ રકમ સાથે ઝડપી લેવાયા છે, પકડાયેલ ચારેય આરોપીઓ વિરુદ્ધ પોલીસે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી બી ડિવિઝન પોલીસ મથકના પીઆઇ એન.એ.વસાવાના સુપરવિઝન હેઠળ અત્રેના સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલીંગમા હોય તે દરમ્યાન હેડ કોન્સ રાજેશભાઇ ડાંગર તથા કોન્સ. રાજપાલસિંહ જાડેજાને ખાનગીરાહે બાતમી હકીકત મળતા, વીસીપરા મદીના સોસાયટી શેરી નં.૧ માં રેઇડ કરી હતી, જ્યાં જાહેરમાં ગંજીપત્તાના પાના વડે પૈસાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમતા રહીમભાઇ મહમદભાઇ સુમરા ઉવ.૪૫ રહે.મદીના સોસાયટી શેરી નં.૧ વીસીપરા મોરબી-૨, મહમદહુશેનભાઇ હમીરભાઇ સુમરા ઉવ.૩૩ રહે.મદીના સોસાયટી શેરી નં.૧ વીસીપરા મોરબી-૨, જયદિપભાઇ કાળદાભાઇ આલ ઉવ.૨૫ રહે. યમુનાનગર શેરી નં.૩ મોરબી-૨ તથા ગણેશભાઇ પ્રવીણભાઇ ઉઘરેજા ઉવ.૨૧ રહે. ગામ વીરપર તા.ટંકારા વાળાને રોકડા રૂ.૧૨,૨૦૦/- સહિતના મુદામાલ ઝડપી લેવામાં આવ્યા છે, આ સાથે પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ મથકમાં જુગારધારા મુજબ ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરે જિલ્લાની વિવિધ કચેરીઓની આકસ્મિક મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરે આજે જિલ્લાની વિવિધ સરકારી કચેરીઓની આકસ્મિક મુલાકાત લઈ કામગીરીની ઝીણવટભરી સમીક્ષા કરી હતી. ગ્રામ્ય પ્રાંત અને મામલતદાર કચેરી તેમજ સબ રજિસ્ટ્રાર કચેરી સહિતની મુખ્ય કચેરીઓની મુલાકાત લઈ કલેક્ટરએ શાખાવાર કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. કલેક્ટરએ કોઈ પણ કામગીરી પડતર ન રહે તેની તાકીદ કરી હતી અને અધિકારીઓને સમયસર કામગીરીનો નિકાલ કરવા સૂચના આપી પારદર્શિતા અને કાર્યક્ષમતા પર ભાર મુક્યો હતો.કલેક્ટર કેતન ઠક્કરે કચેરીઓની ઇ-ધરા કામગીરી, મહેકમની વિગત, સ્વચ્છતા અને કામગીરી વ્યવસ્થાનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું.સરકારી કામગીરી વધુ કાર્યક્ષમ અને પારદર્શક બની



શકે તે હેતુથી તેમણે અધિકારીઓ અને કર્મચારીઓ સાથે રૂબરૂ મુલાકાત કરી તેમને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.આ ઉપરાંત, કલેક્ટરએ જિલ્લા સેવા સદન ખાતે આવતા અરજદારો સાથે પણ મુલાકાત કરી તેમના અભિપ્રાય જાણ્યા હતા, જે દર્શાવે છે કે તેઓ જનતાની સુવિધા અને સંતોષને પ્રાધાન્ય આપે છે.

આ તકે પ્રાંત અધિકારી ગ્રામ્ય બી.એ.કાલરિયા, મામલતદાર એમ.કે.ચાવડા, સબ રજિસ્ટ્રાર યુવરાજસિંહ રાણા, દક્ષાબેન રાવલિયા સહિતના અધિકારીઓ કલેક્ટર સાથે જોડાયા હતા.

# મોરબી મહાનગરપાલિકાની સફાઈ ઝુંબેશને પડકાર 'બર્ગરભાઉ' ફ્રેન્ચાઈઝી દ્વારા જાહેરમાં કચરો અને એઠવાડ નાખાતા લોકોમાં રોષ








**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરના શનાળા રોડ ઉમિયા સર્કલ નજીક આવેલી 'બર્ગરભાઉ' ફાસ્ટફૂડ દુકાનના કારસ્તાનોથી મહાનગરપાલિકા દ્વારા ચાલાવવામાં આવતી સફાઈ ઝુંબેશને ઠેસ પહોંચતા લોકોમાં ચિંતાનો માહોલ સર્જાયો છે. દુકાનમાંથી ફાસ્ટફૂડનો વેસ્ટજ, પ્લાસ્ટિકનો કચરો અને એઠવાડ જાહેરમાં નખાતો હોય છે, જે અબોલ પશુઓ માટે જીવલેણ સાબિત થઈ શકે છે.

મોરબી મહાનગરપાલિકા એક તરફ 'શ્રમદાન ફોર મોરબી' સહિતના વિવિધ સ્વચ્છતા અભિયાન ચલાવી રહી છે, ત્યારે આવા 'બર્ગરભાઉ' ફાસ્ટફૂડ વાળા કે જેઓના અસાધારણ કૃત્યો સામે નગરજનોમાં નારાજગી જોવા મળી રહી છે. મહાનગરપાલિકા દ્વારા અગાઉ જાહેરમાં ગંદકી ફેલાવનાર આસામીઓના ફોટાઓ હોડિંગ પર મૂકીને દંડ વસુલવામાં આવ્યા હતા, છતાં હવે 'બર્ગરભાઉ' જેવી દુકાનો દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે. હાલ, શહેરજનો અને સ્વચ્છતા પ્રેમીઓની માંગ છે કે મહાનગરપાલિકા દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરી આવા 'બર્ગરભાઉ' સહિતના ફાસ્ટફૂડ વાળાઓ કે જેઓ જાહેરમાં એઠવાડ અને કચરો નાખતા હોય છે તેની સામે કડક પગલા ભરે, જેથી કરીને સ્વચ્છ મોરબીનું સપનું સાકાર થઈ શકે.

# મોરબી ઈન્સ્ટાગ્રામમાં ફેક આઈડી બનાવી યુવતીના ફોટા વાયરલ કરી સગાઈ તોડાવવાનો પ્રયાસ કરનાર વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ટંકારાના યુવકની મંગેતરના નામનું ઈન્સ્ટાગ્રામમાં ફેક આઈડી બનાવી અસ્લીલ મેસેજ અને એડિટ કરેલા ફોટા શેર કરનાર માટેલ ગામના લાલજીભાઈ ટોટા સામે સાયબર ક્રાઈમ હેલ્પલાઈન તથા તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ટંકારામાં ગોકુલનગરમાં રહેતા મહેશભાઈ લીમ્બાભાઈ ઝાપડા ઉવ.૧૯ એ મોરબી તાલુકા પોલીસ મથકમાં આરોપી લાલજીભાઈ રેવાભાઈ ટોટા રહે. માટેલ ગામ તા. વાંકાનેર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી, જે ફરિયાદમાં વિગતવાર જણાવ્યું કે, કોઈ શખ્સે તેમની સગાઈ થયેલી પત્નીના નામે ફેક ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. બનાવી, તેમના એડિટ કરેલા ફોટા ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં મૂક્યા હતા. આ ફોટાઓમાં ચહેરા પર ઈમોજી મૂકીને અસ્લીલ ભાષામાં શબ્દો લખીને વાયરલ કર્યું હતું. ઘટનાની તપાસમાં બહાર આવ્યું કે આ ફેક આઈ.ડી. લાલજીભાઈ રેવાભાઈ ટોટા રહે-માટેલ વાળા દ્વારા બનાવવામાં આવ્યુ હોવાનું જણાયું હતું. આરોપી લાલજીએ વોટસએપ પર પણ અશ્લીલ મેસેજ કરી, યુવકને અને તેની પત્નીને માનસિક રીતે હેરાન પરેશાન કરવામાં આવ્યા હતા. આ સિવાય આરોપીએ ફોટા એડિટ કરીને અન્ય પુરુષ સાથે તેમની મંગેતરના ફોટા વાયરલ કરી, સાથે જ ઈન્સ્ટાગ્રામ અને વોટસએપ પર ''તારી પત્ની દવા પીવાનું કહે છે'' જેવા ધમકીભર્યા મેસેજ પણ મોકલ્યા હતા. હાલ તાલુકા પોલીસે મહેશભાઈની ફરિયાદને આધારે આરોપી તથા તપાસમાં ખુલ્લે તે તમામ વિરુદ્ધ બીએનએસ તેમજ આઇટી એક્ટ કલમ મુજબ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સમાચાર સંક્ષીપતમાં

### મોરબીના માધાપરના ઝાંપા પાસે નોટ પર નંબરનો જુગાર રમતા બે પકડાયા

મોરબી શહેરના માધાપર વિસ્તારમાં ઝાંપા પાસે ચલણી નોટના નંબર ઉપર નસીબ આધારિત એકી બેકીનો રૂપિયાની હારજીતનો જુગાર રમતા બે ઈસમોને એ ડિવિઝન પોલીસ ટીમે પકડી લીધા હતા, જેમાં નરેશભાઈ લક્ષ્મણભાઇ નકુમ ઉવ.૫૬ રહે. વાવડી રોડ આર.આર.મોલની બાજુમાં મોરબી તથા પરષોત્તમભાઈ દેવરાજભાઈ ડાભી ઉવ.૬૪ રહે. માધાપર શેરી નં.૨ મોરબી વાળાની રોકડા ૫,૧૦૦/- સાથે અટકાયત કરવામાં આવી બન્ને આરોપીઓ વિરુદ્ધ એ ડિવિઝન પોલીસે ગુનો દાખલ કરી આગળની તજવીજ હાથ ધરી છે.

### મોરબીના વીસીપરામાં પ્રજાપતના કારખાના નજીક જામગરી બંદૂક સાથે એકને દબોચી લેવાયો

મોરબીના વીસીપરા વિસ્તારમાં આવેલ પ્રજાપત કારખાના પાસે જાહેરમાં પાસ પરવાના વગરની જામગરી બંદૂક સાથે એક ઈસમને સીટી બી ડિવિઝન પોલીસ ટીમ દ્વારા ઝડપી લેવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ, મોરબી-૨ વીસીપરામાં એક ઈસમ બંદૂક સાથે આંટાફેરા મારતો હોવાની પૂર્વ બાતમીને આધારે બી ડિવિઝન પોલીસે તપાસ કરતા, આરોપી સાગરભાઈ ચતુરભાઈ દારોદરા ઉવ.૪૩ રહે.વીસીપરા ગુલાબનગર વાળાને પાસ પરમીટ વગરની દેશી હાથ બનાવટની જામગરી બંદૂક કિ.રૂ.૨ હજાર સાથે પકડી લેવામાં આવ્યો હતો, આ સાથે પોલીસે આરોપી વિરુદ્ધ હથિયાર ધારો તથા જીપી એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કરી આગની તપાસ ચલાવી છે.

### ટંકારાના લજાઈ ગામ નજીક જાહેરનામાના ભંગ બદલ કારખાના-માલીક વિરુદ્ધ કાર્યવાહી

ટંકારા તાલુકાના લજાઈ ગામે ભીમનાથ મહાદેવ રોડ ઉપર આવેલ પવનસુત પ્લાસ્ટો પેક એલએલપી નામના કારખાનામાં કલેકટરના જાહેરનામા અંતર્ગત ટંકારા પોલીસ ટીમ ચેકીંગ કામગીરીમાં હોય તે દરમિયાન કારખાનામાં લગાવવામાં આવેલ સીસીટીવી કેમેરામાં દિવસ સાત નું રેકોર્ડિંગ મળી આવ્યું હતી, જ્યારે જાહેરનામા અન્વયે જે રેકોર્ડિંગ ૩૦ દિવસનું રાખવાનો નિયમ બનાવવામાં આવ્યો હતો, જેથી કારખાના-માલીક આરોપી પંકજભાઈ ભગવતીપ્રસાદ જોષી ઉવ.૪૭ રહે. મોરબી જેલ-રોડ ઈન્ડિયન બેંકની સામે વાળાની જાહેરનામાના ભંગ બદલ બીએનએસની કલમ ૨૨૩ મુજબ ગુનો નોંધી તેની અટકાયત કરવામાં આવી છે.

### વાંકાનેરના ઢુંવા નજીક કારખાનાની લેબર કોલોનીની છત ઉપથી નીચે પટકાયેલ શ્રમિકનું મોત

વાંકાનેર તાલુકાના ઢુંવા ગામ નજીક સમ્રાટ સેનેટરી વેર કારખાનાની લેબર કોલોનીમાં રહેતા મૂળ ભોજપુર ગામના વતની પહલાદભાઈ પરશુરામભાઈ કુશવાહા ઉવ.૪૬ ગત તા.૨૬/૦૫ ના રોજ લેબર કોલોનીની છત ઉપર હોય તે દરમિયાન અકસ્માતે છત ઉપરથી નીચે પટકાતા શરીરે આંતરિક ગંભીર ઈજા થતા પહલાદભાઈનું મૃત્યુ નીપજ્યું હતું, સમગ્ર ઘટના અંગે વાંકાનેર તાલુકા પોલીસ ટીમે સ્થળ ઉપરથી પ્રાથમિક વિગતો મેળવી મૃત્યુના બનાવ અંગે અ.મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

### હળવદના માથક ગામે રહેણાંકમાંથી બિયરના બે નંગ ટીન ઝડપી લેતી હળવદ પોલીસ

હળવદ પોલીસ મથક ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન મળેલ બાતમીને આધારે આરોપી પિન્ટુભાઈ અશોકભાઈ બોરાણીયાના રહેણાંક મકાનમાં દરોડો પાડવામાં આવ્યો હતો, જ્યાંથી ટ્યુબર્ગ બિયરના બે ટીન કિ.રૂ.૪૪૦ મળી આવ્યા હતા, દરોડા દરમિયાન ઉપરોક્ત આરોપી પિન્ટુભાઈ સ્થળ ઉપર હાજર નહિ મળી આવતા તેને ફરાર દર્શાવી હળવદ પોલીસે આરોપી વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસની તજવીજ શરૂ કરી છે.

### વાંકાનેરના મંદિરની દીવાલને ટેકો આપવાની ના પાડતા યુવકને ચાર શખ્સોએ ઢોર માર માર્યો

વાંકાનેરના વીસીપરા વિસ્તારમાં અસામાજિક તત્વોએ ફરી માથું ઉચક્યું હોય તેમ મંદિરની દીવાલને ટેકો દઈને બેઠેલ શખ્સને તેમ નહિ કરવાનું કહેતા યુવક ઉપર લાકડાના ધોકા તથા ઢીકાપાટુ વડે હુમલો કરાયો હતો, ત્યારે ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે વાંકાનેર સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. મળતી વિગતો મુજબ, વાંકાનેરમાં વીસીપરા સ્મશાન વાળી શેરીમાં રહેતા ૨૪ વર્ષીય શ્રમિક મનીષભાઈ જગદીશભાઈ ભાટી ગઈ તા.૨૫/૦૫ ના રોજ રાત્રીના પોતાનું કામ પૂર્ણ કરી પરત પોતાના ઘરે જઈ રહ્યા હોય તે દરમિયાન ઘર પાસે આવેલ કુળદેવીના મંદિરની દીવાલને ટેકો દઈને બેઠેલ કાળુભાઇ પશાભાઇ સટાણીયાને મંદિરને ટેકો દેવાની ના પાડતા, તેઓ એકદમ ઉશ્કેરાઈ અપશબ્દો આપવા લાગ્યા જેથી અપશબ્દો આપવાની ના પાડતા તે દરમિયાન કાળુભાઈનો ભાઈ લાકડાનો ધોકો લઈને આવી મનીશભાઈના માથામાં એક ઘા મારી દેતા તેઓને લોહી વહેવા લાગ્યું હતું, જે બાદ કાળુભાઇ તથા અન્ય પિતા-પુત્ર સાથીદારો ત્યાં આવી મનીષભાઈને ઢીકાપાટુનો માર મારવા લાગ્યા હતા, ત્યારે દેકારો થતા, આજુબાજુવાળા લોકો એકઠા થઇ જતા ચારેય આરોપીઓ ત્યાંથી ચાલ્યા ગયા હતા. માથામાં તથા શરીરે ઈજાઓ પહોચતા મનીશભાઈએ વાંકાનેર સરકારી હોસ્પિટલમાં સારવાર લીધી હતી, જે બાદ તેઓએ વાંકાનેર સીટી પોલીસ મથકમાં આરોપી કાળુભાઇ પશાભાઇ સેટાણીયા, ભુરો સેટાણીયા, વિજયભાઇ ધોધાભાઇ સેટાણીયા તથા વિક્રમભાઇ વિજયભાઇ સેટાણીયા રહે. વાંકાનેર વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

# મોરબી પ્રેમ સંબંધના જૂના ખારને કારણે યુવક અને તેના પરિવાર ઉપર હુમલો, એક મહિલા સહિત ચાર સામે ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના કબીર આશ્રમ નજીક ભક્તીનગર વિસ્તારમાં પ્રેમ સંબંધના જૂના ખારને પગલે ચાર વ્યક્તિઓએ કાલે રાત્રે યુવાન પર પથ્થર વડે હુમલો કર્યો હતો. ઘટનામાં મહિલાઓ સહિત ચાર વ્યક્તિઓને ઈજાઓ પહોંચતાં સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. પોલીસે કુલ ચાર આરોપીઓ વિરુદ્ધ ગંભીર કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે.

મોરબીના વાવડી રોડ કબીર આશ્રમ પાછળના વિસ્તારમાં વસવાટ કરતા નરેશભાઈ વિનોદભાઈ પરમાર ઉવ.૨૪ તેમના પરિવાર સાથે ભક્તીનગર-૨માં રહે છે. ગઈકાલ તા. ૨૭/૦૫ની રાત્રે નરેશભાઈ તેમના પરિવારના સભ્યો તથા સંબંધીઓ સાથે તેમના મામા રમેશભાઈ કેશવભાઈ કંજારીયાના ઘર બહાર બેઠા હતા. આ દરમિયાન તેમના ભાઈ ઉમેશ અને મામના દીકરા પ્રકાશને ચા લેવા ગયેલા હતાં. એ સમયગાળામાં તેમના મામના ઘરની સામે રહેતા વિષ્ણુભાઈ વાસુદેવભાઈ પરમારે ઉમેશ અને પ્રકાશને રોકી અગાઉ પ્રકાશની બહેન સાથે પ્રેમસંબંધમાં સમાધાન થયું હોય તે બાબતનો ખાર રાખી પ્રકાશને અને ઉમેશ સાથે ગાળો આપી બોલાચાલી શરૂ કરી હતી, મામલો ગંભીર બનતા નરેશભાઈ અને તેમના મામા રમેશભાઈ, ધીરુભાઈ, ધનશુખભાઈ અને ગીતાબેન તે બધા વિષ્ણુભાઈને સમજાવવા ગયા ત્યારે વિષ્ણુભાઈએ પથ્થરના છુટા ઘા કરી નરેશભાઈના માથા પર મારી ઈજા પહોંચાડેલ. ત્યારે અન્ય આરોપીઓ વાસુદેવભાઈ પરમાર (પિતા), રંજનબેન વાસુદેવભાઈ પરમાર (માતા) તથા જિગ્નેશ જગદીશભાઈ નકુમ રહે. ગાયત્રીનગર મોરબી પણ પહોંચી ગયા અને રમેશભાઈને વાસામા ધોકા મારી, ગીતાબેનને જમણા હાથમાં ધોકા મારી અને ધીરુભાઈને આખે ધોકા મારતા ઈજાગ્રસ્ત થયા. ઘટનાની જાણ થતાં અન્ય સંબંધીઓએ ઈજાગ્રસ્તોને પ્રાઈવેટ વાહન દ્વારા મોરબીની સરકારી હોસ્પિટલમાં દાખલ કરાવ્યા હતા. હાલ તેમની સારવાર ચાલી રહી છે. હાલ નરેશભાઈએ હોસ્પિટલના બિછાનેથી આરોપી વિષ્ણુભાઈ પરમાર, વાસુદેવભાઈ પરમાર, રંજનબેન પરમાર તથા જિગ્નેશ નકુમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા, સીટી એ ડિવિઝન પોલીસે તમામ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અભિનેત્રી જાહ્નવી કપૂર ખુશી કપૂર અને શિખર પહેરીયાનું જામનગરના એરપોર્ટ પર આગમન





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના મોટી ખાવડી સ્થિત વિશ્વ કક્ષાની રિલાયન્સ રિફાઈનરી, વનતારા અને રિલાઈન્સ ગ્રીન્સમાં ફિલ્મી કલાકારો, ક્રિકેટરો સહિતના મહાનુવો સમયાંતરે મુલાકાતે આવતા રહે છે. આજે ફરી એક વખત હિન્દી ફિલ્મ અભિનેત્રી જાનવી કપૂર સાથે શિખર પહેરીયા અને ખુશી કપૂર જામનગરના મહેમાન બન્યા હતા. તેઓનું જામનગરના એરપોર્ટ ઉપર આગમન થયું હતું ત્યાર પછી તેઓ સડક માર્ગે રિલાયન્સ કંપનીમાં જવા માટે રવાના થયા હતા. અને બપોરે ત્યાં પહોંચ્યા હતા. મળતી માહિતી મુજબ તેઓ આજે રાત્રી રોકાણ પણ કરનાર છે.

# ઉના સિંચાઈ પેટા વિભાગની કચેરીએ ફરી તપાસનો ધમધમાટ, ચાર દિવસ બાદ સીલ ખોલાયા




**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના, ૨૩ મેના રોજ DDO અધિકારી દ્વારા સીલ કરાયેલી ઉના સિંચાઈ પેટા વિભાગની કચેરી આજે સવારે ૧૧ વાગ્યે ડેપ્યુટી DDO અને સ્થાનિક TDOની હાજરીમાં પંચ રોજકામ કરીને ફરીથી ખોલવામાં આવી હતી. કચેરીને સીલ કરવા પાછળનું સત્તાવાર કારણ અસ્પષ્ટ છે, પરંતુ સ્થાનિક વર્તુળોમાં અનેક અટકળો ચાલી રહી છે.

ગત ૨૩ મેની રાત્રે DDO અધિકારી પોલીસ કાફલા સાથે કચેરીએ પહોંચ્યા હતા અને રેકોર્ડ તપાસી કચેરીને સીલ કરી દીધી હતી, જેણે કર્મચારીઓ અને સ્થાનિકોમાં આશ્ચર્ય સર્જ્યું હતું. આજે સવારે સીલ ખોલવામાં આવ્યા બાદ કચેરીમાં રેકોર્ડ તપાસની કામગીરી ફરી શરૂ થઈ છે. કચેરીને સીલ કરવા પાછળ કૌભાંડ કે અન્ય કારણો હોવાનું મનાય છે, પરંતુ તેની કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી. આ ઘટનાથી સરકારી કચેરીઓના કાર્ય અને પારદર્શિતા અંગે પ્રશ્નાર્થ સર્જાયો છે, અને આગામી દિવસોમાં વધુ વિગતો બહાર આવવાની શક્યતા છે.

# મોરબી ખારચીયા ગામ નજીક અર્ટીગા કાર એસ.ટી. બસ પાછળ ઘુસી જતા બેનાં મોત, ૪ને ઈજા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી નજીકના ખારચીયા ગામ પાસે રોડ સાઈડમાં ઊભેલી એસ.ટી. બસના ઠાઠામાં અર્ટીગા ગાડી ઘૂસી જતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં બે લોકોને જીવ ગુમાવવો પડ્યો હતો અને અન્ય ચારને ઇજાઓ પહોંચી હતી. ત્યારે અકસ્માત સર્જનાર અર્ટીગા ગાડી ચાલક વિરૂદ્ધ મોરબી તાલુકા પોલીસ મથકમાં ગુનો દાખલ થયો છે.

મળતી માહિતી અનુસાર, જામનગર એસ.ટી. ડેપોમાં ડ્રાઇવર તરીકે ફરજ બજાવતા દીલિપકુમાર દેવશંકરભાઈ જોશી ઉવ.૪૪ તા. ૨૬ મે ના રોજ એસ.ટી. બસ રજી.નં. જીજે-૧૮-ઝેડ-૫૯૯૬ કચ્છથી વડાપ્રધાનના કાર્યક્રમમાં ફરજ પૂર્ણ કરી રાત્રે પરત જામનગર જતા હતા ત્યારે વહેલી સવારે મોરબી તાલુકાના ખારચીયા ગામના પાટિયા નજીક ''મહાવિરસિંહ એન્ડ ભેરૂનાથ હોટલ'' પાસે એસટી બસ ચાલકે કુદરતી હાજત માટે બસ રોડ સાઇડમાં ગ્રાઉન્ડમાં પાર્ક કરી હતી. જ્યાંથી પરત આવી એસટી બસ ચાલક સીટ ઉપર બેઠા ત્યારે અચાનક પાછળથી પૂરઝડપે આવતી અર્ટીગા કાર રજી.નં. જીજે-૩૯-ટી-૭૩૬૧ એસ.ટી. બસના પાછળના ભાગે અથડાઈ હતી. ટક્કર એટલી તીવ્ર હતી કે કારનો આગળનો ભાગ બસની અંદર ઘુસી ગયો હતો.

અકસ્માતગ્રસ્ત અર્ટીગા કારમાં કુલ ૬ મુસાફરો બેઠેલા હતા, જે દ્વારકા મંદિરે દર્શન અર્થે જતા હતા. અકસ્માતમાં બે મુસાફરો કારૈયા રામુલુ રોમ્પલી તથા રામાનુજ ચારૂલુ જગનાથ ચારૂલુ પંચાંગમનું ઘટના સ્થળે મોત નિપજ્યું, જ્યારે ચાર જણાને ગંભીર તથા સામાન્ય ઈજાઓ પહોંચતા મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. સદનસીબે એક બાળકને કોઈ ઈજા થઈ ન હતી. ત્યારે આ બનાવ અંગે એસટી બસ ચાલકે મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી અર્ટીગા ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# રણછોડદાસજી બાપુ કોમ્યુનિટી હોલ ખાતે બાળકોના સમર યોગ કેમ્પનું આયોજન





યોગ કોચ તરીકે શ્રદ્ધાબેન ગોસાઈ તેમજ રેખાબેન કુંડલીયા પોતાની સેવા આપી રહ્યા છે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ગુજરાતના દરેક જિલ્લાઓમાં સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે જેના ભાગરૂપે રાજકોટમાં પણ ૧૦ કેન્દ્ર પર સમર કેમ્પ ચાલી રહેલો છે આ અંતર્ગત કેન્દ્ર નંબર ૧૪૫ રાજકોટ મહાનગરપાલિકા ઈસ્ટ રણછોડદાસ બાપુ કોમ્યુનિટી હોલ આનંદ નગર મેઈન રોડ રાજકોટ ખાતે મુખ્ય સંચાલક શ્રદ્ધાબેન ગોસાઈ,રેખાબેન કુંડલીયા તેમજ યોગ કોચ નીતિનભાઈ કેસરિયા ના માર્ગદર્શન હેઠળ સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે જેના ૧૨ મા દિવસે ભારત વિકાસ પરિષદના પ્રાંત સેક્રેટરી પ્રફુલભાઈ ગોસ્વામી ભારત વિકાસ પરિષદના જિલ્લા અધ્યક્ષ રમેશભાઈ દત્તા તથા મોહનભાઈ ભાલાળા યોગ સંયોજક શાંતિગિરિ ગોસાઈ રમેશભાઈ ઈલાણી યોગ સંયોજક શોભનાબેન ગોસ્વામી અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ઈસ્ટ ઝોનના કોડીનેટર મીતાબેન તેરૈયા ગુજરાત રાજ્ય યોગ બોર્ડના સમર કેમ્પને સફળ બનાવવા માટે મહેનત કરી રહ્યા છે આ સાથે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના યોગ ટ્રેનરો ખાસ કરીને અજયભાઈ જોશી ધીરુભાઈ ઠુંમર સાથ સહકાર આપી રહ્યા છે.

# રાજકોટના ઈશ્વરિયા પાર્ક ખાતે મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



એરપોર્ટ સિક્યુરિટી ગ્રુપ, આર.એમ.સી., અન્ય ખાનગી સંસ્થાઓ અને નાગરિકોએ ૫૦૦૦ યુનિટ બ્લડ ડોનેટ કર્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટનાં એમ.પી.જાડેજા ફેમિલી ફાઉન્ડેશન અને સિનર્જી હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ, રાજકોટ મહાનગરપાલિકા અને નાગરિકોના સહયોગથી ઈશ્વરિયા પાર્ક ખાતે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પને સફળ બનાવવા અને જનભાગીદારી નોંધાવા રાજકોટ આંતરરાષ્ટ્રીય એરપોર્ટના સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સના ૫૦થી વધુ કર્મીઓ, રાજકોટ મહાનગરપાલિકાના કર્મીઓ અને જાહેર જનતા એમ કુલ મળીને આશરે સાત હજારથી વધુ લોકોના અનન્ય યોગદાનથી ૫૦૦૦થી વધુ યુનિટ બ્લડ એકત્રિત કરવામાં આવ્યું હતું.

આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં સી.આઈ.એસ.એફ.ના ડેપ્યુટી કમાન્ડન્ટ/ચીફ એરોડ્રોમ ઓફિસર અમનદીપ સિરસવા અને આર.એમ.સી.ના ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજાએ સામાજિક જવાબદારી અને સમુદાય સેવા પ્રત્યેની પ્રતિબદ્ધતાને ઉજાગર કરી હતી. અને ''રકતદાન એજ મહાદાન''ના સંકલ્પને સાર્થક કરવા હજારો લોકો સહભાગી થયાં તે બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# લાઈફ કોચ અને મોટીવેશનલ ટ્રેનર, ગ્રાફોલોજીસ્ટ, પ્રો. લલિત ચંદેનો આજે જન્મદિવસઃ શુભેચ્છાઓની વર્ષા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અમે જીવીએ છીએ એક એવી દુનિયામાં, જ્યાં પ્રેરણાથી આગળ વધવાનો રસ્તો બને છે. એવા અનેક લોકો જીવનમાં મળ્યા હશે, પણ કેટલાક વ્યક્તિઓ આવી જાય છે જે પોતાની કાર્યશૈલી, ઉર્જા અને અભ્યાસથી જીવનને નવા અર્થ આપે છે. એવી શખ્સિયત છે Win++ Academy ના ડિરેક્ટર, પ્રખ્યાત લાઈફ કોચ , ગ્રાફોલોજીસ્ટ અને મોટિવેશનલ ટ્રેનર , હાર્ટફૂલનેસ મેડિટેશન ટ્રેનર પ્રોફેસર લલિત ચંદે. જેમનો આજે જન્મદિવસ છે



૨૨ વર્ષ સુધી મેનેજમેન્ટ બી સ્કૂલમાં પ્રોફેસર તરીકે સેવા આપ્યા પછી, માત્ર નોકરી નહિ, પણ એક દિશા બદલી નાખતો નિર્ણય લીધો. આજે તેઓ કોર્પોરેટ જગતથી લઈને સરકારી, અર્ધ-સરકારી, ઇન્સ્યોરન્સ ક્ષેત્ર તથા શિક્ષકોના તાલીમ શિબિરોમાં- વર્કશોપ માં , હજારો લોકો માટે તે પ્રેરણા સ્ત્રોત બનેલ છે.

તેમણે માત્ર ૧૫ કલાકમાં અંગ્રેજી શીખવાની વૈજ્ઞાનિક પદ્ધતિ વિકસાવી છે અને કોમ્યુનિકેટિવ અંગ્રેજી માટે વિશેષ મટિરિયલ પણ તૈયાર કર્યુ છે. ''વાત સાવ નાનીપણ!'' જેવી જીવનમૂલ્યો આધારિત પુસ્તકથી પ્રેરણાની ઝરમર વહાવી છે. ૧૦૦થી વધુ રેડિયો ટોક, ૨૦ થી વધુ ટીવી શો, અને ૩૫૦૦થી વધુ સેમિનાર-વર્કશોપમાં તેમણે પોતાના વિચારો અને અનુભવ માં ઉત્સાહ આધારિત ટ્રેનિંગ સેશન દ્વારા અનેક લોકો ના જીવન અને કાર્ય ને હકારાત્મક રીતે પ્રભાવિત કર્યા છે.

SPIPA, CED, LIC, PSI ગાંધીનગર, NITTTR ભોપાલ, તેમજ ટાટા, અદાણી, મહિન્દ્રા, હાથી મસાલા, સાઈનાથ ફર્નિચર, વગેરે જેવી અગ્રણી સંસ્થાઓમાં તેઓ તાલીમ આપી ચૂક્યા છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી , મારવાડી , દર્શન , આર. કે. તેમજ સ્વર્ણિમ જેવી યુનિ.તેમજ ગુજરાતની અન્ય વિવિધ સંસ્થાઓ દ્વારા આયોજિત FDP , SDP કાર્યક્રમોની કોર ટીમમાં રહી, અનેક લોકો ને માર્ગદર્શન આપ્યું છે.

Win++ Academy તરફથી અને શૈક્ષણિક જગતના સહસંબંધિત સૌ મિત્રો તરફથીતેમને જન્મદિનની મો ૯૩૨૭૬૨૦૮૮૪ ૮૧૬૦૪૪૬૨૮૫ પર હાર્દિક શુભેચ્છા સાથે શુભકામના મળી રહી છે

# નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે રાજકોટ મહાનગરપાલિકાના રૂ. ૨૦૮.૪૨ કરોડના વિકાસ કામોનુ ગાંધીનગરથી લોકાર્પણ-ખાતમુહૂર્ત




**મુખ્ય સમાચાર, રાજકોટ**

''ગુજરાતના શહેરી વિકાસના ૨૦ વર્ષ'' અનુસંધાને ગુજરાત શહેરી વિકાસ વર્ષના શુભારંભ પ્રસંગે ગઈકાલે મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ભારતના મ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીના વરદ હસ્તે રૂ.૫,૫૩૬ કરોડના વિકાસલક્ષી પ્રોજેક્ટના લોકાર્પણ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા. જેમાં રાજકોટ મહાનગરપાલિકાના પણ રૂ.૨૦૮.૪૨ કરોડના વિકાસ કામોના લોકાર્પણ-ખાતમુર્હુતનો સમાવેશ થાય છે.

ગાંધીનગર ખાતે યોજાયેલ વિવિધ વિકાસ કામોના લોકાપર્ણ-ખાતમુર્હુત કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાત રાજ્યના મમુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉપસ્થિત જનમેદનીને સંબોધિત કરી હતા. ગાંધીનગર ખાતે યોજાયેલ કાર્યક્રમમાં રાજકોટ મહાનગરપાલિકાના કુલ રૂ.૨૦૮.૪૨ કરોડના વિવિધ વિકાસ કામોના લોકાર્પણ-ખાતમુર્હુત કરવામાં આવેલ. આ પ્રસંગે રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર મનીષ ગુરવાની, ચેતન નંદાણી, હર્ષદ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# નાણાની લેતી દેતી પ્રશ્ને યુવકનું અપહરણ કરી ચાર શખ્સોએ માર્યો માર



૪.૫૦ લાખની ઉઘરાણીમાં પત્નીના ધર્મના માનેલ ભાઈ સહીતના સામે ફરીયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપર વેરાવળમાં રહેતા યુવાને બે વર્ષ પહેલા પ્રેમ લગ્ન કર્યા હતા. પ્રેમિકાના ધરમના માનેલાભાઈ પાસેથી લીધેલા રૂ.૪.૫૦ લાખની ઉઘરાણીમાં ચાર શખ્સોએ યુવકનું કારમાં અપહરણ કરી ગોંડલ લઈ જઈ ધોકા વડે માર માર્યો હોવાના આક્ષેપ સાથે યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. આ અંગેની જાણવા મળતી વિગત મુજબ શાપરમા શીતળા માતાજીના મંદિર પાસે રહેતા વિજય રાજુભાઈ સોલંકી નામનો ૨૧ વર્ષનો યુવાન પોતાના ઘર પાસે હતો. ત્યારે અબ્દુલ, કલો, સલીમ અને સમીર સહિતના શખ્સોએ ઝઘડો કરી કારમાં અપહરણ કરી ગોંડલ બસ સ્ટેશન પાસે લઈ જઈ ધોકા વડે માર માર્યો હોવાના આક્ષેપ સાથે વિજય સોલંકીને તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યો હતો. આ અંગે રાજકોટ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે ગોંડલ પોલીસને જાણ કરતા ગોંડલ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. ?

ગોંડલ પોલીસે હુમલામાં ધવાયેલા અને હોસ્પિટલના બીછાને સારવાર લઈ રહેલા વિજય સોલંકીનુ નિવેદન નોંધ્યું હતુ. પ્રાથમિક પૂછપરછમાં વિજય સોલંકીએ બે વર્ષ પહેલા રાધાબેન સાથે પ્રેમ લગ્ન કર્યા હતા અને બંને જે સમયે ભાગી ગયા હતા ત્યારે રાધાબેનના ધરમના માનેલા ભાઈ અબ્દુલ પાસેથી રૂ.૪.૫૦ લાખ હાથ ઉછીના લીધા હતા વિજયના પ્રેમ પ્રકરણની જાણ થતા તેની પત્ની પણ ભાગી ગઈ હતી. અબ્દુલ સહિતના શખ્સોએ બે વર્ષ પૂર્વે ઉછીના આપેલા રૂ.૪.૫૦ લાખની ઉઘરાણીમાં વિજય સોલંકીનું કારમાં અપહરણ કરી માર માર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આક્ષેપના પગલે ગોંડલ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટ જ્યુબિલી બાગને પ્લાસ્ટિક મુક્ત કરતાં સફાઈ કર્મીઓ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

પર્યાવરણ દિવસની ઉજવણી નિમિતે દેશભરમાં પ્લાસ્ટિક મુક્ત અભિયાન ચાલી રહ્યું છે. ત્યારે રાજકોટ શહેરનું પ્રખ્યાત અને ઐતીહાસિક મહત્વ ધરાવતાં જ્યુબિલી બાગને સ્વચ્છ બનાવવા ઝુંબેશ હાથ ધરાઈ છે. આ જ્યુબિલી બાગમાં પ્રાદેશિક માહિતી કચેરી, રોશની શાખા, વોટસન મ્યુઝીયમ, પુરાતત્વ વિભાગની કચેરી, બેન્ડ સ્ટેન્ડ, લેંગ લાઈબ્રેરી, ફલડ શાખા, ચબુતરો, બગીચાનો વિસ્તાર સ્વચ્છ અને સુઘડ રહે તે માટે છે. સફાઈ કર્મીઓ દ્વારા પ્લાસ્ટિક અને અન્ય કચરાઓને દુર કરીને સાફ સફાઈ કરવામાં આવી હતી.

# મૈત્રી કરાર હેઠળ ઘર છોડી ગયેલી રાજકોટની મહિલાનું પરિવાર સાથે પુનઃ મિલન કરાવતું રાજકોટનું ''સખી વન સ્ટોપ સેન્ટર''

## ૧૦ વર્ષીય દાંપત્ય જીવનમાં થયેલા મનભેદમાં પતિ તરફથી મળવી જોઈતી હૂંફ અને સમયનો અભાવ બન્યું મુખ્ય કારણ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અનેક મહિલાઓના જીવનમાં સ્નેહ અને ખુશીઓની સુવાસ ફેલાવવા માટે રાજકોટ ''સખી વન સ્ટોપ'' સેન્ટર ઉમદા કામગીરી કરી રહી છે, ત્યારે ફરી એકવાર રાજકોટમાં રહેતા એક દંપતીના જીવનમાં ખુશીઓનું પુનરાગમન કરાવવામાં રાજકોટનાં સખી વન સ્ટોપ સેન્ટરે મહત્વની ભૂમિકા ભજવી છે.

વાત જાણે એમ છે કે, રાજકોટનાં એક દંપતિએ ૧૦ વર્ષ પહેલાં પ્રેમ લગ્ન કરીને પોતાનો ઘર સંસાર શરૂ કર્યો હતો. લગ્નની શરૂઆતના વર્ષોમાં પતિ તરફથી હુંફ અને સમય મળતો હતો, પરંતુ સમય જતાં પતિ તરફથી હૂંફ અને પ્રેમ ન મળતા મહિલા અરજદાર એકલતા અનુભવ કરતા હતા. અમારે બે બાળકો છે પરંતુ ટ્રાન્સપોર્ટના વ્યવસાયના કારણે મારા પતિ ઘર - પરિવારમાં ઓછું ધ્યાન આપતા તેમજ ધીમે ધીમે તેઓ માનસિક ત્રાસ પણ આપવા લાગ્યા હતા તેમ મહિલા અરજદારે જણાવ્યું હતું.

પતિ સાથેના મનભેદના કારણે મહિલા અરજદારે પુખ્ત વયના પુરુષ સાથે મિત્રતા બંધાઈ હતી અને એક મહિના પહેલા મૈત્રી કરાર કર્યા હતા. આ વાતની જાણ મહિલા અરજદારના પતિને થતાં બંને વચ્ચે ઝગડો થયો હતો અને મહિલા ઘર છોડીને પુરુષ મિત્ર સાથે રહેવા જતી રહી હતી. પરંતુ મહિલાને પોતાના સંતાનો અને પતિની યાદ આવતા અને પોતાની ભૂલ સમજાતાં ઘર પરત ફરવું હતું.

આ સ્થિતિમાં પરિવારને એક કરવા માટે સખી વન સ્ટોપ સેન્ટરના સ્થાનિક અધિકારીઓએ કાયદાકીય સહાય અને મનોવૈજ્ઞાનિક માર્ગદર્શન સાથે મહિલા અરજદારના માતા અને પતિની રૂબરૂ હાજરીમાં સમજાવીને લાગણીસભર મિલન કરાવ્યું હતું. તેમજ મહિલા અરજદારે પણ પોતાની ભૂલ સ્વીકારીને માફી માંગી હતી. આમ, સખી વન સ્ટોપ સેન્ટરના કારણે ૧૦ વર્ષના દાંપત્ય જીવનમાં ફરી ખુશીઓનું પુનરાગમન થયું હતું.

# રાજકોટ જિલ્લાના પેન્શનરો ઘરે બેઠા નિઃશુલ્ક ડિજિટલ જીવન પ્રમાણપત્ર મેળવી શકશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકારના પેન્શન મેળવતા કર્મચારીઓને દર વર્ષે જીવન પ્રમાણપત્ર આપવું પડે છે. ગુજરાત રાજ્યના સેવામાંથી નિવૃત થયેલ રાજકોટ જીલ્લાના પેન્શન મેળવતા પેન્શનરો અને કુટુંબ પેન્શનરોનું પેન્શન જે બેંકમાં જમા થાય છે તે બેંક ખાતે પેન્શનર રૂબરૂ જઈ દર વર્ષે કરવાની થતી હયાતી ખરાઈ જે-તે બેંકમા જઇ મે, જૂન અને જુલાઇ-૨૦૨૫ માસ દરમ્યાન તેઓના નામ તથા PPO નંબર સાથેની વિગતો ધરાવતા ફોર્મમાં પોતાની હયાતી ખરાઈ કરાવવાની થતી હતી..

''સરકાર પેન્શનરને દ્વાર''ના ખ્યાલને યથાર્થ કરવા ગુજરાત સરકારનાં નાણા વિભાગ અને ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટસ બેન્ક વચ્ચે થયેલી સમજૂતી મુજબ પેન્શનરોને ડિજિટલ જીવન પ્રમાણપત્રની સુવિધા ડાકઘરોમાં અથવા તેમના ઘરે મફતમાં



ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આ સેવાનો તમામ ખર્ચ રાજ્ય સરકાર વહન કરશે. આ સેવા નેશનલ ઇન્ફર્મેટિકસ સેન્ટર દ્વારા વિકસિત 'જીવન પ્રમાણ' એપ્લિકેશન દ્વારા ઉપલબ્ધ કરવામાં આવી રહ્યું છે. સમગ્ર ગુજરાતમાં પોસ્ટમેન અને ગ્રામીણ ડાક સેવકોના માધ્યમથી આ સેવા મફતમાં આપવામાં આવી રહી છે.

દૂરના વિસ્તારોમાં રહેતા પેન્શનરો પણ સહેલાઈથી આ સેવાનો લાભ મેળવી શકશે. આ માટે પેન્શનરે પોતાનો આધાર નંબર, મોબાઈલ નંબર તથા પેન્શન પેમેન્ટ ઓર્ડર નંબર આપવો પડશે. જીવન પ્રમાણપત્ર જનરેશન પ્રક્રિયા પૂરી થયા પછી પેન્શનરને મોબાઈલ નંબર પર પ્રમાણ આઇ.ડી. એસ.એમ.એસ. દ્વારા મળશે. તેના આધારે (https://leevanpramaan.gov.in/ppouser/login) આપેલ સાઇટ પરથી પ્રમાણપત્ર ડાઉનલોડ કરી શકાય છે. ડિજિટલ બાયોમેટ્રિક પ્રમાણિત પ્રક્રિયા દ્વારા પેન્શનરોને મિનિટોમાં જ ડિજિટલ નકલ પેન્શન ઓફિસ સુધી પણ પહોંચાડી દેવામાં આવશે.

આ નિર્ણયના કારણે રાજકોટ જિલ્લાના પેન્શનરોને ઘરે બેઠા આ સેવાનો લાભ મળશે. તેમ પેન્શન ચૂકવણા અધિકારી પી.એમ.જાડેજાની યાદીમાં જણાવેલ છે.

# યુરોપના વિઝા, વર્ક પરમિટ કઢાવી દેવાના બહાને ૨૨ લોકો સાથે ૩૧ લાખની છેતરપિંડી

ગાયકવાડીના વેપારીએ ઉતરાખંડ અને દિલ્હીની બેલડી સામે પ્ર.નગરમાં ફરિયાદ નોંધાવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગાયકવાડીમાં રહેતાં વારીસઅલી અયુબભાઈ ઉ.૨૬ એ યુરોપના વિઝા અને વર્ક પરમિટ કઢાવી આપવાની લાલચ આપી રાજકોટના ૨૨ લોકો સાથે ૩૧ લાખની છેતરપિંડી કરવા અંગે ઉતરાખંડના મહમદ આવેઝ અને દિલ્હીના અલાક અહેમદ સામે પ્ર. નગર પોલીસમાં ફરીયાદ નોંધાવી છે.

ફરીયાદમાં જણાવ્યું હતું કે, તે પાંચ વર્ષથી એટલાસ ઈન્ટરનેશનલ ઈમિગ્રેશન નામની પેઢી ધરાવી ભારતના નાગરિકોને વિદેશ જવા માટે વર્કપરમીટ વિઝા અપાવવાનું કામકાજ કરે છે ૮ થી ૧૦ મહીના પહેલા મહમદનો ફોન આવેલ કે, મે ઓનલાઈન તમારું કામ જોયું છે, મારી પાસે ઘણી બધી કન્ટ્રીનું વર્ક પરમીટનુ કામ છે તે રૂબરૂ રાજકોટ આવેલ અને મળીને કહેલ કે, હુ દિલ્લીના અફલાક

અહેમદની સાથે કામ કરું છુ તેની કંપનીનું નામ એ.ટી.એ. વીઝા હબ છે, જે જનકપૂરી ખાતે આવેલ છે, જે બાદ બે યુરોપનું વર્ક પરમીટ વીઝાનુ કામ કરી આપશું અને કામ થયા બાદ રૂપીયા આપવાના રહેશે તેમ જણાવ્યુ હતુ બાદમાં હું રૂબરૂ કાશીપુર ખાતે ઓફીસે ગયો હતો અને કામ નક્કી કર્યુ હતું સારા કમીશનની અપેક્ષાએ ડોક્યુમેન્ટ મહમદને મોકલ્યા હતા બાદમા ૨૨ લાખ ઓનલાઈન અને ૯ લાખ રોકડા ચુકવ્યા હતા મહમદે જણાવેલ કે, બાદ તા.૦૫ -૧૨-૨૦૨૪ની મુંબઈથી યુરોપની ફ્લાઈટ ટીકીટ છે, બધા તા.૦૪ના મુંબઈ પહોંચી જજો, તા. ૦૪ના એરપોર્ટ પર તપાસ કરતા મહમદે તમામ ટીકીટ કેન્સલ કરેલ હોવાનુ જાણવા મળ્યુ હતુ અને તેને ફોન કરતાં ફોન સ્વીચ ઓફ આવતો હતો જેથી પોતે મહમદની ઓફીસે ઉતરાખંડ જઈ તપાસ કરતાં ખબર પડેલ કે, મહમદ તથા અફલાકે રૂપીયા પડાવી લેવા કાવતરૂ કરી છેતરપીંડી કરેલ છે જેથી ફરીયાદ નોંધાવી હતી.

# શહેર પોલીસમાં ૬ પીઆઈની આંતરીક બદલી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ પોલીસ કમિશ્નર દ્વારા છ પીઆઈની આંતરીક બદલીના હુકમ કરવામાં આવ્યા છે.

આ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત અનુસાર રાજકોટ પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા દ્વારા રાજકોટ શહેરમાં ફરજ બજાવતા ૬ પીઆઈની આંતરીક બદલી કરવામાં આવી છે. જેમાં એ ડીવીઝન પોલીસ મથકના આર.જી.બારોટની ટ્રાફીક શાખામાં, મહિલા પોલીસ મથકના બી.ટી. અકબરીની લીવ રીઝર્વમાં, ટ્રાફીક શાખાના એસ.એન.રાઠોડની મહિલા પોલીસ મથકમાં, પ્ર.નગરના પી.આર.ડોબરીયાની ડીસીબી, લીવ રીઝર્વના કે.પી.તરેટીયાની રીડર શાખામાં અને સાયબર ક્રાઈમના આર.જી.પઢીયારની લીવ રીઝર્વમાં બદલી કરાઈ છે.

# જેતપૂરમાં બે સગીરા પાસે લોહીનો વેપલો કરાવવાના સેક્સ રેકેટનો પર્દાફાશ

## વિધર્મી શખસ કેટરર્સના બહાને અલગ અલગ ગ્રાહકો પાસે મોકલતોઃ ગર્ભપાતની દવા લખી આપનાર ડોકટર સહિત ૩ ઝડપાયા, કૂટણખાના અંગે મહિલા સહિત નવ સામે ગુનો

**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુર માં પાંચ મહિના પૂર્વે જાહેર જગ્યા પરથી એક મૃત માનવ ભૂણ મળેલ હતું. સામાન્ય લાગતા આ બનાવમાં પોલીસ તપાસમાં ભોગ બનનાર પાસે તે જેની સાથે કામ પર જતી હતી તે તેની પાસે દેહ વેપાર કરાવવાનું એક મોટું સેક્સ રેકેટ ખુલ્યું છે. ભોગ બનનાર સગીરા પાસે દોઢ વર્ષથી દેહ વેપારનો ધંધો કરાવવામાં આવતો જેમાં તેણીને ગર્ભ રહી જતા આખો ગુન્હાહિત બનાવ બહાર આવ્યો હતો. અને આ ગુનામાં પોલીસે એક મહિલા સહિત નવ શખ્સોના જાહેર કર્યા છે.

ગત તા. ૩૦ જાન્યુઆરીના રોજ જેતપુરમાંથી એક મૃત માનવ ભૂણ મળી આવ્યું હતું આ ભૂણ બાબતમાં પોલીસે ગણતરીની કલાકોમાં ભૂણને ત્યજનાર માતાને શોધી લીધી હતી. જેમાં ભોગ બનનાર સગીર વયની હોય તેણીના પિતાની ફરીયાદ પરથી પોલીસે ગુન્હો નોંધી જેતલસર જંકશન ગામના યુવાન કાનાભાઈ મકવાણાની ધરપકડ કરી હતી. અને ભૃણનું, સગીરાનું તેમજ કાનાનું ડીએનએનું સેમ્પલ સરકારી હોસ્પીટલ મારફત લેવડાવી પૃથક્કરણ માટે ગાંધીનગર ખાતે લેબોરેટરીમાં મોકલી આપ્યું હતું. ત્યારબાદ સગીરવયની હોવા છતાં અંગત લાભ ખાતર સગીરાને તપાસી તેણીને ગર્ભપાતની દવા લખી આપનાર ડો.સુશીલભાઈ ગોવિંદભાઈ કાનાણી તેમજ ગર્ભપાતની દવા આપનાર હરેશભાઈ કેશુભાઈ વિરડીયા વિરડીયા મેડિકલ સ્ટોરવાળાની ધરપકડ કરી હતી.

બીજીબાજુ ભૂણનું જે સેમ્પલ ગાંધીનગર ખાતે મોકલેલ હતું તેનો હાલમાં જ રીપોર્ટ આવી જતા તે રીપોર્ટમાં ભૂણ સાથે સગીરાનું ડીએનએ મેચ થઈ ગયું

જયારે કાનાનું ડીએનએ મેચ થયેલ નહિ. જેથી ભૂણનો બાયોલોજીકલ પિતા કોણ? તે જાણવાના હેતુસર પોલીસે સગીરાનું ફરીથી નિવેદન લેતા સગીરા જેની સાથે કેટરસના કામે જતી તે લાદીરોડ પર રહેતો અખ્તર ઓસમાણભાઈ ડબગર તેણીને તેમજ અન્ય એક સગીરાને તેણીઓના માતાપિતાને કેટરસના કામમાં લઈ જાય છે તેવુ જણાવી રાત્રીના સમયે બંનેને દેહ વેપાર માટે જુદાજુદા લોકો પાસે જુદીજુદી જગ્યાએ મોકલતો અને અખ્તર પણ આ બંને સગીરાઓ સાથે શરીર સબંધ બાંધતો હતો. જેથી સગીરાના નિવેદનના આધારે પોલીસે પોકસો તેમજ અન્ય કલમ ઉમેરવાનો કોર્ટમાં રીપોર્ટ કરી તા. ૧૨ મે ના રોજ અખ્તરની ધરપકડ કરી હતી. અને તેની પૂછપરછ કરતા પોતે બંને સાથે શરીર સબંધ બાંધતો હોવાનું સ્વીકારી, રાત્રી દરમિયાન ગ્રાહકો પાસે મોકલતો તેમજ અન્ય એક મહિલા કે જે દેહ વેપાર કરાવે છે. તેણી પાસે પણ આ બંને સગીરાને મોકલતો હતો. અને જેની પાસે અખ્તર સગીરાઓને દેહ વેપાર માટે મોકલતો તેવા ભાવિક ઉર્ફે ભાવેશભાઈ ભુપતભાઈ મેણીયા, હિજીભાઈ ઉર્ફે હિરાભાઈ નાગજીભાઈ પાઘડાર, વસંતગીરી હંસગીરી ગોસાઈ રહે ત્રણેય જેતપુર, સાગરભાઈ બાબુભાઈ ઝાલા રહે. ઉમરકોટ, શૈલેશભાઈ મેરામણભાઈ લખપીર રહે. સરધારપુર આ પાંચ શખ્સોના પોલીસને નામ આપ્યા હતાં.

અખ્તર સગીરાઓને કોની કોની પાસે દેહ વેપાર માટે મોકલતો તેવી પોલીસની પ્રારંભિક પુછપરછમાં તેણે પાંચ શખ્સોના જે નામ આપેલ. પરંતુ એકથી દોઢ વર્ષ દરમિયાન તો અખ્તરે અસંખ્ય ગ્રાહકો પાસે સગીરાઓને દેહ વેપાર માટે મોકલ્યુ હશે, જેથી પોલીસે વધુ આરોપીઓના નામ કઢાવવા. માટે અખ્તરને જેતપુર કોર્ટમાં દસ દિવસની રીમાન્ડ માટે રજૂ કરતા કોર્ટે સાત દિવસના રીમાન્ડ મંજુર કર્યા હતાં.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# તબીબને સસ્તા સોનાની લાલચ આપી ૫ લાખ પડાવી ખોટા દાગીના પધરાવી દેનાર ૪ ઝડપાયા

**ગુમાવેલા પૈસાની ચિંતામાં તબીબ પત્નીએ આપઘાત કરી લીધાની શંકાઃ ખોદકામ દરમિયાન દાગીના નીકળ્યા છેઃ ગુનાને અંજામ આપી સીમકાર્ડ તોડી નાખતા ત્રણ મહિલાઓની શોધખોળ**





**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેર માં માધાપર ચોકડી નજીક આસ્થા સાંગીલામાં રહેતા રહેતા અને ત્યાં જ રૂદ્ર કલીનીક નામે પ્રેક્ટીસ કરતા તબીબ ધવલભાઈ પ્રવિણભાઈ મોલીયા ઉ.૨૮એ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં રમેશ, એક અજાણ્યો શખસ, અજાણી મહિલા સામે ૫ લાખની છેતરપીંડી અંગે ફરીયાદ નોંધાવતા એલસીબીએ ચારની ધરપકડ કરી ૨.૮૬ લાખનો મુદામાલ કબજે કરી બે મહીલા સહિત ૩ની શોધખોળ હાથ ધરી છે.

ફરિયાદમાં જણાવ્યું છે કે, ગઈ તા.૧૫/૦૫ના સવારે ઘરે હતા ત્યારે અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો અને ડોકટર સાહેબ દવા લેવાની છે, તમે કયારે દવાખાને આવશો તેમ પુછ્તા થોડીવારમાં દવાખાને ગયા ત્યાં રમેશભાઈ નામની એક વ્યકિત આવેલ તેણે પોતાને તાવ આવતો હોય અને કમર દુખે છે તેમ વાત કરતા દવા આપી હતી ત્યારે તેણે કહ્યું હતું કે, અમને ખોદકામ વખતે ચાંદીનો સિકકો તથા અન્ય સોનાના દાગીના મળેલા છે તમારે દાગીના જોતા હોય તો તમે જોઈ જાજો બીજા દિવસે દાગીના જોવા સિવિલ હોસ્પીટલ ચોક ખાતે ગયો હતો ત્યાં એક બહેને કાળી કોથળીમાં પીળી ધાતુની માળાઓ સોનાની હોવાનું જણાવેલ અને એક કીલોના દાગીના હોવાની વાત કરી હતી તેમાંથી એક કટકો રણછોડનગર ખાતે ટચ કરાવતા સોનુ ૧૮ કેરેટ આવ્યુ હતુ બાદ તા.૧૯ના ચોટીલા જઈ ૫ લાખ આપી દાગીના લાવી રણછોડનગરમાં તપાસ કરાવતા સોનુ ખોટુ નીકળ્યુ હતુ રમેશનો ફોન સ્વીચ ઓફ આવતો હોવાથી ફરિયાદ નોંધાવી હતી પૈસા ગુમાવતા પત્ની એન્જલબેને ઓવરડોઝ લઈ આપઘાત કર્યો હોવાની શંકા સેવાઈ રહી છે.

દરમિયાન એલસીબી ઈન્ચાર્જ પીએસઆઈ જયંતીભાઈ ગોહિલ સહિતની ટીમે બાતમી આધારે ગુનાને અંજામ આપનાર અમદાવાદના ઈશ્વર ઉર્ફે પટિયો વિરાભાઈ વાઘેલા, રાજકોટના અર્જુન પન્નાભાઈ સોલંકી,માલીયાસણના મોહન ઉર્ફે મ્યો ભગવાનભાઈ પરમાર અને હીરા રામાભાઈ રાઠોડને માધાપર ચોકડી પાસેથી પકડી લઈ રોકડા ૨.૧૫,૮૦૦, રીક્ષા, બે મોબાઈલ સહીત ૨,૮૫,૮૦૦નો મુદામાલ કબજે કરી અમદાવાદના હિરાબેન કસ્તુરભાઈ મારવાડી, માલીયાસણના કાનુબેન રામાભાઈ રાઠોડ અને પન્નીબેન અર્જુનભાઈ સોલંકીની શોધખોળ હાથ ધરી છે અર્જુન અને હીરાએ એક વર્ષ પૂર્વે ચોટીલામાં અઢી લાખ, દોઢ વર્ષ પૂર્વે પેડક રોડ પર અઢી લાખ, પાંચ વર્ષ પૂર્વે પોરબંદરમાં ૧૨ લાખ અને આઠ માસ પૂર્વે ભક્તિનગર રેલ્વે સ્ટેશન પાસેથી લોકોને ખોટું સોનું ધાબડી ૫૦ હજાર પડાવી લીધાનું જાણવા મળ્યું છે.

પકડાયેલ અર્જુને રમેશ નામ ધારણ કરી દવા લેવાના બહાને રેકી કરી અન્ય સાગ્રીતોને બોલાવ્યા હતા. આ ટોળકી ગુનાને અંજામ આપી સીમકાર્ડ તોડી નાખતી હતી.

# તનીષ્ક જવેલર્સના શોરૂમમાં સ્ટોર મેનેજરે કરી રૂ.૧૭ લાખની ઉચાપત

### ગ્રાહકોએ જમા કરાવેલા ઓનલાઇન રૂપિયા અને ડાયમંડ રીંગ ઓળવી જતા ફરીયાદ નોંધાઇ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલ ફોર્ચ્યુનર હોટલ પાસે તનીષ્કસ જવેલર્સના શો રૂમમાં સ્ટોર મેનેજરે રૂ.૧૭ લાખની ઉચાપત કરતા તાલુકા પલીસ સ્ટેશનમાં જવેલર્સના લાયજનીંગ ઓફિસરે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ મીલપરા મેઇન રોડ પર લક્ષ્મીવાડીમાં રહેતા અને તનીષ્ક જવેલર્સમાં લાયજનીંગ ઓફિસર તરીકે નોકરી કરતા ચેતનભાઇ રાજેશભાઇ જાદવએ તાલુકા પોલીસમાં ફરીયાદ નોંધાવી છે કે, ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ફોર્ચ્યુન હોટલ પાસે આવેલા તનીષ્કના શો રૂમમાં સ્ટોર મેનેજર તરીકે નોકરી કરતો નીલેશ પ્રવિણ ઘઘડા (રહે. જસરાજ નગર શેરી નં.૧ ઉમીયા ચોક)એ શો રૂમના કામ કાજમાં આપેલ અધિકારનો દુરઉપયોગ કરી જવેલર્સના ગ્રાહકોએ જમા કરાવેલા ઓનલાઇન રૂપિયા ૩ લાખ તથા સોના અને ડાયમંડની રીંગ રૂ.૧૪ લાખની જમા લઇ તેના બદલામાં ગ્રાહકોને આપવાના થતા ઘરેણા ઓરવી જઇ બારોબાર વહેંચી નાખી રૂ.૧૭ લાખની ઉચાપત કર્યાની ફરીયાદ નોંધાવતા તાલુકા પોલીસ મથકના પ્રો. પીએસઆઇ બી.વી.સરવૈયાએ પ્રાથમીક તપાસ હાથ ધરી છે.

# મેટોડામાં વાહન ચોરી કરતી બેલડી ઝડપાઇ

### સાબરમતી જેલમાંથી પેરોલ જમ્પ કરનાર પાકા કામનો કેદી રાજકોટમાં ઝડપાયો





**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવડ રોડ પર આવેલા મેટોડા જીઆઇડીસીમાં વાહન ચોરી કરતી બેલડી અને અમદાવાદની સાબરમતી જેલમાં હત્યાના ગુન્હામાં સજા ભોગવતા પાકા કામના કેદીને પેરોલ જમ્પ કર્યા બાદ રાજકોટ પોલીસે ઝડપી લઇ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રથમ બનાવામાં મેટોડા જીઆઇડીસી પોલીસ સ્ટેશનના પીઆઇ એસ.એચ. શર્માની સુચનાથી હેડ કોન્સ. યોગીરાજસિંહ, જસમતભાઇ, રવુભાઇ તથા લક્કીરાજસિંહ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે મેટોડા ગેટ નં.૧ અંજલીપાર્કમાં રહેતો અને મુળ બિહારનો હેમબ્રહ્મા પીન્ટું મુન્ના તથા મયુર ખીમજી ઝાલા નામના બે શખ્સો ચોરાઉ બાઇક સાથે નીકળતા પોલીસે તેને દબોચી લઇ પુછપરછ કરતા એક બાઇક એક મહિના પહેલા ન્યારી ડેમ પાસેથી અને બીજુ બાઇક ખીરસરા પાસેથી ચોરી કરી હોવાની કબુલાત આપી હતી.

બીજા બનાવમાં ડીસીપી ઝોન-૨ એલસીબી ટીમના એએસઆઇ જે.વી.ગોહીલ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે માધાપર ચોકડી પાસે મોરબી બાયપાસ રોડ પર પુલ નીચે એક રિક્ષામાં એક ઇશમ સંકાપસ્દ રીતે બેઠો હોય પોલીસે ઉપરોકત સ્થળે દોડી જઇ રીક્ષામાં બેઠેલ ઇશ્વર ઉર્ફે પટીયો ગીરા વાઘેલા રહે. અમદાવાદની અટકાયત કરી તેનો ગુન્હાહિત ઇતિહાસ ચેક કરતા આ શખ્સ અગાઉ અમદાવાદમાં સરખેજ વિસ્તારમાં મર્ડરના ગુન્હામાં ૧૦ વર્ષની સજા સાબરમતી જેલમાં ભોગવતો હોય અને ૪ વર્ષ પહેલ પેરોલ જમ્પ કરી નાસી ગયો હોય તથા માધાપર ચોકડી પાસે તબીબને સસ્તુ સોનું આપવાની લાલચ આપી પાંચ લાખની ઠગાઇ કરી હોવાની હકીકત સામે આવતા પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# ગોકુલધામ આવાસ યોજનામાં ઘર કંકાસમાં જનેતાએ બાળકને ત્રીજા માળેથી ફેકવા કર્યો પ્રયાસ

### સોશ્યલ મીડીયામાં વિડીયો વાયરલ થતા પોલીસ દોડી કર્યુ કાઉન્સેલીંગ

**મુખ્ય સમાચાર, રાજકોટ**



ગોકુલધામ આવાસ યોજનામાં ગઈકાલે સાંજે એક હચમચાવી નાખે એવી ઘટના બની હતી. એમાં એક માતાએ પોતાના જ બાળકને આવાસ યોજનામાં ત્રીજા માળની છત પરથી નીચે ફેંકી દેવાનો પ્રયાસ કર્યો હતો.જેકે આ બાળકના પિતા સમયસર પહોંચી ગયા હતા અને બાળકને બચાવી લીધો હતો.આ ઘટના ગૃહ કંકાશને કારણે થઈ હોવાનું પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું.આ ઘટનાનો લાઈવ વીડિયોં વાઈરલ થતાં પોલીસે આ અંગે તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત વિગત મુજબ, સાંજે રાજકોટના ગોકુલધામ આવાસ યોજનામાં અવિશ્વસનીય ઘટના બની હતી. એમાં એક હિન્દી ભાષી મહિલા પોતાના નાના બાળકને લઈ આવાસ યોજનાની છત પર પહોંચી હતી.ત્યાં તેણે કોઈ અગમ્ય કારણોસર બાળકને છત પરથી નીચે લટકાવી દીધું હતું.આ દશ્ય જોઈને નીચે હાજર રાહદારીઓ અને આસપાસના લોકો સ્તબ્ધ થઈ ગયા હતા. આ દશ્ય જોઈને નીચે હાજર લોકોએ બૂમાબૂમ કરી મૂકી હતી, જોકે

મહિલાએ તેમની બૂમો સાંભળી નહોતી. સદનસીબે મહિલાના પતિ ત્યાં સમયસર પહોંચી ગયા હતા અને તેમણે તાત્કાલિક ઉપર જઈને બાળકને ખેંચી લીધું હતું.એના કારણે બાળકનો જીવ બચી ગયો હતો. એક રાહદારીએ પણ આ ઘટના જોઈને તાત્કાલિક મદદ માટે દોટ મૂકી હતી. જોકે રાહદારી પહોંચે એ પહેલાં જ બાળકના પિતાએ તેને બચાવી લીધું હતું. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતો. આ ઘટના બાદ મહિલાને માલવિયાનગર પોલીસ સ્ટેશન લઈ જવામાં આવી હતી, જ્યાં તેણે પોતાનું નિવેદન નોંધાવ્યું હતું.એમાં મહિલાએ જણાવ્યું હતું કે તે બાળકને માત્ર ડરાવી રહી હતી, જોકે આ નિવેદન કેટલું સાચું છે એ અંગે પોલીસ તપાસ કરી રહી છે. આ ઘટના બનવાના થોડા સમય પહેલા જ તેમને પતિ સાથે ઝઘડ થયો હતો. આ ઘટનામાં મહિલાના પતિએ પોલીસ ફરિયાદ કરવાનું માંડી વાળ્યું હતું અને તેમણે ફરિયાદ નહીં કરવાનું કહ્યું હતું.

# શહેરમાં વધુ બે કેસ, મહિલા અને પુરુષ કોરોના પોઝિટિવ



### ૩૨ વર્ષીય પુરુષની ફોરેન હિસ્ટ્રી, શિવાજી પાર્કની મહિલાની લોકલ હિસ્ટ્રીઃ મનપા દ્વારા તપાસનો ધમધમાટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સમગ્ર દેશમાં કોરોના મહામારીએ ફરી માથું ઉચક્યું ત્યારે રાજકોટ શહેરના કુલ ચાર કેસનો સમાવેશ કરાયો હતો. આરોગ્ય વિભાગના સૂત્રો મુજબ રાજકોટમાં તા.૧૯થી ૨૪ દરમિયાન ઓમનગર, ગોવિદનગર, સિલ્વર સાઈન સોસાયટીમાં અને શિવપાર્ક વિસ્તારમાં કોરોના પોઝિટિવ કેસ સામે આવ્યા બાદ સાંજે રાજકોટના એરપોર્ટ રોડ ઉપર શિવાજીપાર્કમાં ૨૯ મહિલા કોરોના પોઝિટિવ જાહેર કરવામાં આવ્યા હતા તેમજ રાજકોટના વોર્ડ નંબર ૧૦માં વિમલ નગર મેઇન રોડ, ગુંજન પાર્ક સામે, સદગુરુ નગરની બાજુમા, રાજકોટ ખાતે ૩૨ વર્ષીય પુરુષ કોરોના પોઝિટિવ આવ્યા હોવાનું સામે આવ્યું છે.

શહેરમાં વધુ બે કેસ સામે આવ્યા છે જેમાં પુષ્કરધામ નજીક રહેતા ૩૨ વર્ષીય પુરુષ નોકરી કરતા હોવાનું અને તેઓ ફોરેનથી પરત ફર્યા બાદ કોરોનાના લક્ષણો જોવા મળતા સેમ્પલ લેવામાં આવતા કોરોના પોઝિટિવ આવતા હોમ આઇસોલેટ કરવામાં આવ્યા છે. બીજી તરફ રાજકોટના શિવાજી પાર્કમાં રહેતા ૨૯ વર્ષીય મહિલાની ફોરેન હિસ્ટ્રી ન હોવાં છતાં કોરોના પોઝિટિવ આવ્યા હોય ચિતાનો વિષય છે. નોંધનીય છે કે, અગાઉ ઓમનગર વિસ્તારમાં રહેતા યુવાન કોરોના પોઝિટિવ આવ્યા બાદ સ્વસ્થ બન્યા હોય હાલમાં રાજકોટ શહેરમાં કોરોના એક્ટિવ કેસની સંખ્યા ૫ હોવાનું સામે આવ્યું છે.

# કાલાવાડ રોડ પર વાહન સાઈડમાં રાખવાનું કહેનાર પોલીસમેનની ફરજમાં રૂકાવટ

### પોલીસ મરજી મુજબ કાયદા બનાવી હેરાન કરે છે ગ્રાહકોના વાહનો રોડ ઉપર રહેશે કહી રોફ જમાવ્યોઃ પિતા-પુત્ર સામે માલવિયાનગર પોલીસમાં ફરજમાં રૂકાવટની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા ભાવેશભાઈ નારણભાઈ ગઢવીએ બળવંત ઘનશ્યામભાઈ રાજા અને તેના પુત્ર રૂપેશ સામે ફરજમાં રૂકાવટ સહિતનો ગુનો નોંધાવ્યો છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે ગઈકાલ નાઈટ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન કાલાવડ રોડ પર બે વાગ્યે આવતા મેઈન રોડ ઉપર વાહનો અડચણ રૂપ પાર્ક થયેલ હોય અને ત્યાં ગોલાની તથા નાસ્તાની લારી મોડી રાત્રીના ચાલુ હોય જેથી આ બન્ને લારીધારકોને પોતાની લારીઓ ઉપર આવતા ગ્રાહકોના વાહનો સાઈડમાં પાર્ક કરાવવાનુ કહેતા ગોલાના લારી ધારકે ''અડધી રાત્રે તમોને ક્યાં નડે છે તમે પોલીસ પોતાની મરજી મુજબ કાયદા બનાવી અમને હેરાન કરો છો તેમ કહિ જોરજોરથી રાડો પાડવા લાગે' જેથી તેને શાંતીથી વાત કરવાનુ કહી અડચણરૂપ વાહનો સાઈડમાં રખાવવાનું કહેતા તેની સાથે રહેલ નાસ્તાની લારી ધારકે પણ રાડો પાડી ગ્રાહકોના વાહનો અહિં રોડ ઉપર જ પાર્ક થશે, જુવો આ પોલીસનો ત્રાસ, અમોને ખોટી રીતે હેરાન કરે તેમ કહિ રાડો પાડવા લાગેલ જેથી બંનેના નામ ઠામ પુછ્તા ગોલાના લારી ધારકે પોતે ગાંધીગ્રામમાં રહેતો બળવંતભાઈ ઘનશ્યામભાઈ રાજા તથા નાસ્તાની લારી ધારક પોતે રૂપેશ બળવંતભાઈ રાજા હોવાનુ જણાવ્યુ હતુ લારીઓ મોડી રાત્રી સુધી ખુલ્લી રાખી, ચાહકોના વાહનો ટ્રાફીકને અડચણરૂપ થાય તે રીતે પાર્ક કરાવી આ બાબતે કહેતા ફરજમાં રૂકાવટ કરી ગુન્હો કરેલ હોય જેથી ફરિયાદ નોંધાવી હતી.

# સામા કાંઠે મહિલાઓના ગળા અડવા કરનાર બાઈક સ્વાર સમડી ઝડપાઈ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં સમડી બાઈક સ્વાર બેલડીને બી ડીવીઝન પોલીસે પકડી પાડી છે. દારૂ-જુગારની કુટેવ પોશવા બંને મહિલાઓના ગળા અડવા કરતા હતા. સમડી પાસેથી સોનુ સાચવનાર સોનીને પણ પોલીસ સાણસામાં લીધા છે. ચારેયની ધરપકડ કરી બાઈક અને ૨૪.૮૫ ગ્રામ સોનાનો ઢાળીયો કબજે કરાયો છે.

સામાકાંઠા વિસ્તારમાં ગત તા.૧૭ના રોજ વિજયાબેન ચંદુભાઇ દેસાઇ પૂત્રવધુ સાથે વોકીં ગમાં નીકળ્યા હતા ત્યારે બાઈક પર આવેલા બે શખસે આશરે ૫ ગ્રામનો ચેઈન વિજયાબેનના ગળામાં ઝોંટ મારીને આંચકીને નાશી છૂટ્યા હતા. ચીલઝડપ સંદર્ભે બી-ડીવીઝન પોલીસે સમડીની શોક આદરી હતી. દરમિયાનમાં હેડ કોન્સ્ટેબલ ક્રિપાલસિંહ જાડેજા તથા વિશ્વજીતસિંહ ઝાલા અને નરેશ ચાવડાને સમડી અંગે બાતમી મળી હતી. ઇન્ચાર્જ પી.આઈ. એન.વી. હરીયાણી તથા ટીમ સાથે મળી ચુનારાવાડમાં રહેતા કુખ્યાત વિશાલ કિશન સોલંકી (ઉ.વ.૩૦) તથા ઉકા ઉર્ફે સંજય ભૂપત પરમાર (ઉ.વ.૩૯)ને દબોચી લીધા હતા.

બંને શખસોએ ચીલઝડપ કર્યાની કબૂલાત આપી હતી. સોનાનો ચેઈન પાડોશમાં રહેતી લાભુ મુન્ના સોલંકી (ઉ.વ.૪૦) નામની મહિલાને સાચવવા આપ્યો હોવાની કેફિયત આપતા લાભુને પણ પકડી લેવાઈ હતી. લાભુએ ચેઇન વાણીયાવાડી શેરી નં.૩માં રહેતા સોની ચેતન અરવિંદભાઈ જીંજુવાડીયાને વેચ્યાની કબૂલાત આપતા સોની ચેતનને પણ પકડી લેવાયો હતો.

ચેતન પાસેથી ૨૪.૮૫ ગ્રામ સોનાનો ઢાળીયો કબજે લેવાયો હતો તથા ચીલઝડપમાં વપરાયેલુ જી.જે.૦૩ એમસી ૪૧૮૫ નંબરનું બાઇક પણ પોલીસે કબજે લીધુ હતું. કિશન સામે છ ગુના તથા ઉકા ઉર્ફે સંજય સામે હત્યાનો એક ગુનો નોંધાઈ ચુકયો છે.

# ભાયાવદરના ઢાંક ગામની સીમમાં વિદેશી દારૂની ૯૯૬ બોટલ સાથે બુટલેગર ઝડપાયો

**જામકંડોરણાના બોરીયા ગામની સીમમાં જુગાર કલબ પર ગ્રામ્ય એલસીબી ત્રાટકીઃ રૂ.૨.૪૬ લાખના મુદ્દામાલ સાથે ૭ પત્તાપ્રેમી ઝબ્બેઃ વેરાવળના ઉર્જા ગેટ પાસે ખુલ્લા પ્લોટમાં ૭૭ હજારનો વિદેશી દારૂ ભરેલી કાર પોલીસને રેઢી મળી**







**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર અને ગ્રામ્યમાં વિદેશી દારૂનો વેપલો કરતા બુટલેગરો બેફામ બન્યા છે ત્યારે પોલીસે પણ બાતમીદારોનું નેટવર્ક કામે લગાડી ટેકનીકલ સોર્સીસના માધ્યમથી બુટલેગરોને ઝડપી લેવા કવાયત શરૂ કરી છે. ત્યારે ભાયાવદરના ઢાંક ગામની સીમમાં ૯૯૬ બોટલ સાથે બુટલેગરને દબોચી લઇ અને શાપર વેરાવળના ઉર્જા ગેટ પાસે ખુલ્લા પ્લોટમાં ૭૭ હજારનો દારૂ ભરેલી કાર પોલીસને રેઢી મળી આવતા તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે.

પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ગ્રામ્ય એલસીબી ટીમના પી.આઇ. વી.વી.ઓડેદરાની સુચનાથી પીએસઆઇ એસ.સી.ગોહીલ, હેડ. કોન્સ. રાજુભાઇ, દિવ્યેશભાઇ, નિલેશભાઇ, હરેશભાઇ, કોન્સ. મીરલભાઇ સહિતનો સ્ટાફ ભાયાવદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમીના આધારે ઢાંક ગામની સીમમાં દરોડો પડતા કેતન રામા લુણસીયા નામના શખ્સના ખેતરની ઓરડીમાંથી ૯૯૬ બોટલ વિદેશી દારૂ કિમત રૂ.૫.૯૫ લાખનો જથ્થો મળી આવતા પોલીસે કેતન રામ લુણાસીયાની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે. જયારે અન્ય એક દરોડામાં ગ્રામ્ય એલસીબીના એએસઆઇ શક્તિસિંહ જાડેજા, હેડ કોન્સ. કૌશિકભાઇ તથા અરવિંદસિંહ, વિજયસિંહ સહિતના સ્ટાફે ચોક્કસ બાતમીના આધારે જામકંડોરણા પોલીસ સ્ટેશન તાબાના બોરીયા ગામની સીમમાં ચાલતી જુગાર કલબ પર દરોડો પાડતા જુગાર રમતો ભીમજી મુળજી લુણાગરીયા, રસિક નરસિંહ પરમાર રહે.ધોરાજી, અલ્તાફ હનીફ અભેસોરા, સુરજ ઉર્ફે સુર્યો કિશોર ડાભી, અશોક કુળજી સોમાણી, સંજય રવિ મકવાણા, ધીરુ પોપટ વરસાણી (રહે. ગામ જસાપર) સહિત સાત શખ્સોની ધરપકડ કરી જુગારના પટમાંથી રોકડા રૂ.૪૦,૪૧૦, છ મોબાઇલ ફોન, એક કાર, બે બાઇક સહિત કુલ રૂ.૨.૪૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

જયારે અન્ય એક બનાવમાં શાપર વેરાવળ પોલીસ સ્ટેશનના પીઆઇ આર.બી.રાણાની સુચનાથી પીએસઆઇ આર.ડી.સોલંકી, હેડ કોન્સ. તુષારસિંહ, કોન્સ. મનસુખભાઇ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે મોસમ એગ્રો સીડ ડીલની બાજુમાં આવેલ ઉર્જા ગેટની અંદર ખુલ્લા પ્લોટમાં એક શંકાસ્પદ કાર નંબર જીજે૦૩પીડી૩૫૭૮ નંબરની સ્વીફ કાર રેઢી પડી હોવાની હકીકત મળતા પોલીસે ઉપરોકત સ્થળે દોડી જઇ કારની તલાસી લેતા ૭૭૨૦૦નો વિદેશી દારૂનો જથ્થો મળી આવતા પોલીસે કાર સહિત રૂ.૫.૭૮ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાર ચાલકની શોધખોળ શરૂ કરી છે.